*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૩





## આ જે... જ...

- ચૈતન્યના આનંદની મજા કરતું-કરતું ભેદજ્ઞાન પ્રગટે છે.
- ભેદજ્ઞાન આનંદપૂર્વક મોહનો નાશ કરતું પ્રગટ થાય છે.
- તેને માટે અંતરમાં ચૈતન્યનો પરમ પ્રેમ જાગવો જોઈએ.
- કોઈ કહે-ધીમે ધીમે આત્માનો પ્રેમ કરશું.

તો ગુરુદેવ કહે છે કે-ભાઈ ! ધીમે ધીમે નહીં, આજે જ આત્માનો ઉત્કૃષ્ટ પ્રેમ કર. એની અંતર્ ધૂન જગાડીને આત્માને આજે જ અનુભવમાં લે... તેમાં વિલંબ ન કર. 'બીજાનો પ્રેમ આજે ને આત્માનો પ્રેમ કાલે' એમ ન કરો. આત્માના હિતના કાર્યને ગૌણ ન કરો. અત્યારે જ હિતનો અવસર છે, હિતને માટે અત્યારે જ ઉત્તમ ચોઘડીયું છે.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદન : **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૯, ફાગણ (લવાજમ : **ચાર રૂપિયા**) વર્ષ ૩૦: અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સોનગઢ-સમાચાર... ( ફાગણ સુદ બીજ )

✿ ફાગણ સુદ બીજ સોનગઢ-જિનમંદિરમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનો મંગલ દિવસ છે... વહેલી સવારમાં આનંદ-ઉલ્લાસપૂર્વક વિદેહીનાથ સીમંધરાદિ ભગવંતોનું ભક્તિથી પૂજન થયું. વિશેષમાં સોનગઢમાં જે ભવ્ય પરમાગમ-મંદિર બંધાઈ રહ્યું છે તેમાં આજે ગુરુદેવનું પહેલું જ મંગલપ્રવચન થયું. આનંદ-મંગલકારી એ પ્રવચન બાદ સીમંધરપ્રભુની રથયાત્રા ગામમાં ફરીને પરમાગમ-મંદિરમાં આવી... અહો ! સીમંધરપ્રભુજી પરમાગમ-મંદિરના ઉત્સવમાં પધાર્યા... ને પરમાગમમંદિરમાં પ્રભુના અભિષેક-પૂજન થયા.



બપોરે સવાબાર વાગ્યા પછી સમયસાર કોતરેલી પ્રથમ આરસની શિલા પૂ. ગુરુદેવના મંગલહસ્તે પરમાગમમંદિરની દીવાલમાં લગાડવામાં આવી, તે વખતે મુમુક્ષુ ભાઈ-બહેનોમાં ઉલ્લાસભર્યું વાતાવરણ હતું; પૂ. બેનશ્રી-બેન પણ જિનવાણીની ઉમંગભરી ભક્તિ ગવડાવીને આનંદોલ્લાસમાં વૃદ્ધિ કરાવતા હતા. આ પ્રસંગે ભાઈશ્રી ચંદ્રકાન્ત હરિલાલ દોશીના કુટુંબીજનોએ પણ ઉલ્લાસથી ભાગ લીધો હતો.

આરસમાં પરમાગમોનું કોતરકામ ચાલી રહ્યું છે. પંચાસ્તિકાય તથા સમયસાર પૂરા કોતરાઈ ગયા છે; પ્રવચનસારનું કોતરકામ ચાલુ છે તેમાં ફાગણ સુદ ત્રીજ સુધીમાં ૨૦૧ ગાથા સુધી કોતરાઈ ગયું છે; ને ફાગણ વદ એકમે પ્રવચનસાર પૂરું થઈને નિયમસારની શરૂઆત થવાની ધારણા છે.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

આત્મધર્મ

વર્ષ : ૩૦ અંક : ૫

વીર સં. ૨૪૯૯ ફાગણ માર્ચ 1973

# પરમાગમ-મંદિરમાં પ્રથમ મંગલ પ્રવચન

**( મંગલ મોક્ષપુરી તરફ આનંદથી પા-પા-પગલી માંડી. )**

**ફાગણ સુદ બીજ એ સોનગઢના જિનાલયમાં સીમધરનાથ પ્રભુની પધરામણીનો મંગલ દિવસ છે. આ ફાગણ સુદ બીજે, વિદેહીનાથની વાણીના સારરૂપ સમયસાર-પરમાગમ કોતરેલી આરસશિલા પરમાગમ-મંદિરમાં લગાડવાનું મુહૂર્ત ગુરુદેવના સુહસ્તે થયું. પરમાગમ-મંદિરમાં સવારે-બપોરે પ્રવચનો પણ થયાં. -આમ અનેકવિધ મંગલઉત્સવ થયો. પરમાગમ-મંદિરમાં થયેલા મંગલપ્રવચનોની પ્રસાદી અહીં આપી છે.**

**( નિયમસાર કળશ: ૧૯-૨૦ તથા સમયસાર ગા. ૧૯૬ )**

ધર્માત્મા જીવોએ શું કરવું ? જેણે સુખી થવું છે તેણે શું કરવું ? કેવા આત્માને ધ્યાવવો ? તેની આ વાત છે. -પરમાગમમંદિરમાં મંગળ તરીકે આ સરસ વાત આવી છે. ચૈતન્યશરીરી આત્મા કે જે શાંતનિરાકુળ સુખથી ભરેલો છે-એવા આત્માની ભાવના કરીને, પરિગ્રહનું ગ્રહણ છોડવું ને શરીરની પણ ઉપેક્ષા કરવી. અંતરમાં વળીને ચૈતન્યસ્વરૂપી આત્માને અવલંબ્યો ત્યાં પરદ્રવ્યના ગ્રહણની બુદ્ધિ છૂટી ગઈ. આ રીતે આત્માના અવલંબને તેની ભાવના કરતાં આનંદ અનુભવાય છે, તે અપૂર્વ મંગળ છે; તે પરમાગમનો સાર છે.

હે ભવ્ય! એકવાર તું ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ કર, તો તેના ફળમાં તને એવી કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટશે કે જે જગતને મંગળરૂપ છે. અહો! આત્મા આનંદથી ભરેલો છે, તેની ભાવના કરવી તે પરમાગમના અભ્યાસનું ફળ છે. અહો, તીર્થંકરપરમાત્માના જ્ઞાનમાં આવેલો આનંદમય આત્મા, તેને ધર્મી ભાવે છે; રાગને તે ભાવતો નથી. સહજજ્ઞાનસ્વરૂપ આત્મા તો આનંદમાં ફેલાયેલો છે; જડ શરીરમાં કે રાગમાં તેનો ફેલાવ નથી.

પહેલાં તો જ્ઞાન ને આનંદથી ભરેલું આવું તત્ત્વ નિર્ણયમાં ને ખ્યાલમાં આવવું જોઈએ–પછી તેનો અનુભવ થાય. નિર્ણયમાં જ ભૂલ હોય તે અનુભવ ક્યાંથી કરે? અહા, મારો આત્મા જગતમાં સૌથી સુંદર કોઈ અદ્‌ભુત જ્ઞાનઆનંદથી ભરેલો ચૈતન્યચમત્કારી મહા પદાર્થ છે–એમ પરમમહિમાથી અંતરમાં આત્માને લક્ષમાં લઈને વારંવાર તેને ભાવતાં અતીન્દ્રિય આનંદસહિત ભગવાનના ભેટા થાય છે. આનંદ જેમાં ભર્યો છે તેની ભાવનાથી આનંદનું વેદન થાય છે. માટે હે જીવ! આનંદથી ભરેલા આતમરામ સાથે તું રમત માંડ, ને પરભાવ સાથેની રમત છોડ. –આવી ભાવનાના ફળમાં કેવળજ્ઞાન પ્રગટે છે તે જગતને મંગળરૂપ છે. જુઓ તો ખરા! કુદરત પણ કેવી સાથે ને સાથે છે! –કે આજના પરમાગમના મંગળમાં આ જગતને મંગળરૂપ કેવળજ્ઞાનની વાત આવી. –

“भेदज्ञानमहीज सत्फलमिदं वन्द्यं जगत्‌मंगलम्”

અહો, ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું સુંદર ફળ એવું કેવળજ્ઞાન તે જગતને મંગળરૂપ છે, વંદ્ય છે. ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેની ભાવના કરનારું ભેદજ્ઞાન, તે સમસ્ત મોહ–રાગ–દ્વેષને નષ્ટ કરીને અપૂર્વ કેવળજ્ઞાનજ્યોતિનો ઉદય કરે છે. આનંદ તો ચૈતન્યમય આત્મામાં છે, –તેમાં રાગ–દ્વેષ–મોહનો અંશ પણ નથી, તેથી તેમાં એકાગ્ર થતાં રાગ–દ્વેષ–મોહની સત્તાનો નાશ (સત્યાનાશ) થઈ જાય છે, ને વીતરાગી આનંદમય કેવળજ્ઞાનજ્યોત ઝળકી ઊઠે છે; તે જગતમાં શ્રેષ્ઠ મંગળરૂપ છે.

શાંતિના અપૂર્વ ઝરણાં જેમાંથી ઝરે એવી સર્વોત્તમ વસ્તુ હું પોતે છું, મારી ચૈતન્યવસ્તુથી ઊંચું બીજું કાંઈ જગતમાં નથી. લોકોમાં જે. પી. વગેરે પદવીથી મોટાઈ માને છે, પણ તે તો બહારની ઉપાધિ છે; આ અંતરમાં સ્વભાવની

સન્મુખ થતાં મોહને જીતીને આત્મા 'જય પામે તે ખરો જે. પી. ' છે. એનાથી ઊંચી કોઈ પદવી જગતમાં નથી. અરે, એકવાર અંદર ડોકિયું તો કર! અંદર રાગથી ભિન્ન પડીને ભગવાનને ભાળતાં તને કોઈ અપૂર્વ આનંદ થશે... અપૂર્વ મંગળરૂપ શાંતિદશા થશે... ને તેની જ ભાવના કરતાં કરતાં કેવળજ્ઞાનરૂપ મહાન ફળ પાકશે... કે જે ઉત્તમ ફળ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, જગતમાં વંદનીય છે, ને આખા જગતને તે મંગળરૂપ છે. જે કોઈ જીવો આવા સર્વોત્તમ કેવળજ્ઞાનને લક્ષગત કરે છે તેઓ મંગળને પામે છે. **અહા! ધન્ય રે ધન્ય! મારો આત્મા સિદ્ધ જેવા અનંત આનંદથી ભરેલો! -એમ સ્વભાવ તરફ વલણ કરીને, પહેલાં તેના અનુમાનથી વિશ્વાસ કરીને અનુભવ કરતાં અપૂર્વ આનંદ આવે છે. ભાઈ, વિશ્વાસ કરીને અંદર જા... મોક્ષ તરફ તારા મંગલ પ્રયાણ થશે. 'અહો! આનંદધામ તરફ હવે અમારા પ્રયાણ થયા... મોક્ષપુરી તરફ પા-પા-પગલી માંડી.'**

## ધર્માત્માની આનંદથી ઊછળતી જ્ઞાન-વૈરાગ્યધારા

**ફાગણ સુદ બીજે પરમાગમ-મંદિરના મંગલપ્રવચનમાં સવારે નિયમસાર વંચાયું; તેની ઉત્તમ પ્રસાદી આપે વાંચી; બપોરે સમયસારમાં ૧૯૬ મી ગાથા દ્વારા ધર્માત્માની અદ્ભુત આનંદપરિણતિ ગુરુદેવે સમજાવી. જ્ઞાન-વૈરાગ્યથી ભરેલી તેની પ્રસાદી પણ આપ પ્રસન્નતાથી વાંચો.**

ધર્મીજીવને ભેદજ્ઞાન વડે જ્યાં ચૈતન્યની અતીન્દ્રિય શાંતિનું વેદન થયું ત્યાં બીજા બધા કરતાં આવા ચૈતન્યની અધિકતા લાગી, ને તેની લગની લાગી. આત્માનો આનંદસ્વાદ ચાખીને તેની લગનીના જોરે બીજે બધેથી ધર્મીજીવની જ્ઞાનપરિણતિ વિરક્ત થઈ ગઈ છે એટલે છૂટી જ વર્તે છે. પ્રગટ પર્યાયમાં જ્ઞાન વૈરાગ્યનું અમોઘ સામર્થ્ય ધર્મીને પ્રગટયું છે. આનંદના નાથને અનુભવીને જે શાંતિનું ધર્મીને વેદન

થયું તેની શી વાત! અહા, આવી શાંતિનું અમૃત ચાખ્યા પછી ઝેર જેવા રાગમાં કે રાગના વિષયોમાં ધર્મીને પ્રેમ કેમ રહે? એના સ્વાદને ધર્મી પોતાનો કેમ માને?

જ્ઞાન સાથે ધર્મીજીવને અનંતગુણોનું નિર્મળ સામર્થ્ય પ્રગટયું છે. બાપુ! આવું પરમ શાંત ચૈતન્ય તત્ત્વ તને જૈનમાર્ગ સિવાય બીજું કોણ બતાવે? બીજે તો આત્માના નામે રાગાદિની પુષ્ટિ કરનારા લૂટારાઓ છે, –એમાં ક્યાંય આવું ચૈતન્યતત્ત્વ તને નહીં મળે. અહો! જ્ઞાન તે કોને કહેવાય? જ્યાં જ્ઞાન થયું ત્યાં રાગથી લૂખી એવી અપૂર્વ શાંતિ પ્રગટી કે ગમે તેવી પ્રતિકૂળતાના ઘેરા વચ્ચે પણ જ્ઞાન પોતાની શાંતિથી છૂટતું નથી; તે જ્ઞાનના બળે ધર્મીજીવ કર્મોને નિર્જરાવી જ નાંખે છે.

અહો, કુંદકુંદ ભગવાને આ સમયસારાદિ પરમાગમો રચીને ભરતક્ષેત્રના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેમની વીતરાગીવાણી આ પરમાગમ–મંદિરમાં ટંકોત્કીર્ણ થવાની છે, તેનું આજે મૂરત થયું. (સમયસારનું પહેલું પાટિયું ગુરુદેવના મંગલ હસ્તે આજે પરમાગમ–મંદિરમાં લગાવ્યું.) પરમાગમ દ્વારા સંતો આત્માનો વૈભવ બતાવીને કહે છે કે અહા! ભગવાન આત્માનો કેવો અચિંત્ય વૈભવ છે–તે જોવા તો આવ! આત્માની શ્રદ્ધા થતાં તેની સાથે અતીન્દ્રિય આનંદ–જ્ઞાન–શાંતિ–વૈરાગ્ય–પ્રભુતા વગેરે અનંત ગુણનો વૈભવ પ્રગટે છે. પોતાનો આવો વૈભવ જેણે પોતામાં દેખ્યો–તે જીવ રાગના રંગે કદી રંગાતો નથી; તેની પરિણતિમાં જ્ઞાન–વૈરાગ્યનું અલૌકિક બળ ખીલી જાય છે. આવા આત્માના આનંદને વેદનારા રાજકુમાર મુનિ થવા માટે જ્યારે વનમાં જાય છે ત્યારે કહે છે કે અરે માતા! અમને ચૈતન્યના સ્વાદ પાસે આ સંસારની કોઈ વસ્તુમાં રસ નથી. ચૈતન્યના નિધાન પાસે અમને હવે જગતના કોઈ નિધાનની કિંમત ભાસતી નથી. –અરે, હજી રાજપાટમાં રહ્યા હોય, લગ્ન કરતા હોય, છતાં ધર્મીની પરિણતિ જ્ઞાન–વૈરાગ્યસંપન્ન છે, તે ખસતી નથી. તેના જ્ઞાનનું કોઈ એવું સામર્થ્ય છે ને વૈરાગ્યનું કોઈ એવું બળ છે કે રાગના કોઈ અંશને તે પોતામાં અડવા દેતા નથી, કે કોઈ વિષયોના વેદનને ચેતનાના વેદનમાં ભેળસેળ થવા દેતા નથી. ચેતનાને છૂટેછૂટી રાખે છે. ચેતનામાં સ્વભાવનો રંગ ચડયો તે કદી ઊતરતો નથી, ને રાગનો રંગ કદી ચડતો નથી. –આવી દશાનું નામ ધર્મ છે.

# મહા આનંદનો માર્ગ

(નિયમસાર ગાથા ૪ ના પ્રવચનમાંથીઃ મહા સુદ ૧૩)

❀ આત્માના મહા આનંદનો લાભ તે મોક્ષ છે.

❀ આત્મા પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો છે જ, –તેની અંતર્મુખ થઈને પર્યાયમાં તે આનંદરૂપ પરિણમે એટલે આનંદનું સાક્ષાત્ વેદન થાય તે મહા આનંદનો લાભ છે, તે સાક્ષાત્ મોક્ષ છે.

❀ આવા મહા આનંદની સાક્ષાત્ પ્રાપ્તિનો ઉપાય તે શુદ્ધરત્નત્રયપરિણતિ છે; તે રત્નત્રય પણ અતીન્દ્રિય આનંદરૂપ છે.

❀ વસ્તુમાં જે શક્તિ છે તે પરિણતિમાં પ્રગટે ત્યારે તે કાર્યરૂપ થાય છે. આનંદ આત્માની શક્તિમાં છે પણ પર્યાયમાં કાર્યરૂપે પ્રગટે ત્યારે તે અનુભવમાં આવે છે. કારણરૂપ શક્તિ તો બધા જીવોમાં ત્રિકાળ છે, પર્યાય જ્યારે અંતર્મુખ થઈને તેને પ્રગટ વેદનમાં લ્યે ત્યારે આનંદનો અનુભવ થાય છે તે ત્યારે મહા આનંદરૂપ મોક્ષનો ઉપાય પ્રગટે છે. –તે મુમુક્ષુનું કાર્ય છે.

❀ અહા, મોક્ષ અને તેનો માર્ગ–બંને અતીન્દ્રિય આનંદરૂપ છે. આનંદનું વેદન કરતાં–કરતાં મોક્ષ સધાય છે. તેમાં કષ્ટ નથી, દુઃખ નથી.

❀ મોક્ષને પામનારા ભગવંતોએ ભવ્ય જીવોને એમ કહ્યું છે કે શુદ્ધ રત્નત્રયરૂપ થયેલો આત્મા તે જ પોતે અભેદપણે મોક્ષમાર્ગ છે. તેનાથી જુદા કોઈ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી. જેણે અંતર્મુખ થઈને આવા સુંદર માર્ગને પ્રાપ્ત કર્યો તે જીવ અલ્પકાળે મોક્ષ પામે છે, ને ફરીને માતાના ઉદરમાં આવતો નથી.

❀ અહા, સમ્યગ્દર્શનમાં ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો એક અંશ અનુભવમાં આવ્યો, તે આનંદ પાસે પણ ત્રણ લોકના ઇન્દ્રિયવૈભવો સર્વથા નિઃસાર લાગે છે. ચૈતન્યસુખના કણિયા પાસે ઇન્દ્રપદની વિભૂતિની પણ કાંઈ કિંમત નથી. તો

મુનિદશામાં વીતરાગી ચારિત્રના મહા આનંદની શી વાત? આવા આનંદમય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપરિણતિ તે મોક્ષરૂપ મહા આનંદનો ઉપાય છે. આત્માનો આખો સ્વભાવ આનંદમય છે, તે પોતે આનંદરૂપે પ્રગટે છે.

❀ શુદ્ધ રત્નત્રય પરિણતિરૂપે થયેલ આત્મા તે પોતે વાસ્તવિક અભેદ મોક્ષમાર્ગ છે; તેમાં રાગાદિની અપેક્ષા નથી એટલે તે નિરૂપચાર અભેદ–રત્નત્રય છે. અહો! વીતરાગમાર્ગમાં આવા આનંદકારી રત્નો પડયા છે; અંદર અતીન્દ્રિય આનંદનો સાગર ડોલે છે–તેમાં નજર નાંખતાં સમ્યગ્દર્શનાદિ રત્ન પમાય છે, તે પણ આનંદકારી છે. વચ્ચે રાગાદિ વ્યવહાર આવે તે કાંઈ આનંદરૂપ નથી, ને તે કાંઈ મહા આનંદનો ઉપાય નથી. શુદ્ધ આત્માના આશ્રયે જે રાગ વગરના અભેદરત્નત્રય છે તે જ આનંદરૂપ છે, ને તે જ મહા આનંદરૂપ મોક્ષનો ઉપાય છે.

❀ શ્રી જિનભગવંતો આવા ઉપાયથી મોક્ષ પામ્યા, ને આવો જ ઉપાય જગતને કહ્યો; તે માર્ગને જે જાણે છે તે જીવ આસન્ન ભવ્ય છે, તે ફરીને માતાના ઉદરમાં પૂરાતો નથી, અલ્પકાળમાં જન્મ–મરણથી છૂટીને મોક્ષસુખ પામે છે. અહા, આવા ચૈતન્યસાધ્યને જેણે સાધ્યું તેને હવે અસાધ્યપણું કેવું? રોગાદિ પ્રસંગે પણ તેનું સાધ્ય છૂટતું નથી, તે અસાધ્ય થતો નથી, પોતાના ચૈતન્યસાધ્યરૂપ ધ્યેય પ્રત્યે તે જાગૃત છે, એકક્ષણ પણ સાધ્યને તે ભૂલતો નથી; સાધ્યને સાધતો થકો મહા આનંદને પામે છે. સ્વસન્મુખ થઈને આવા આનંદની ભાવના કરવા જેવી છે.

❀ અરે, આવા મહા આનંદનો લાભ લેવાની કોને ભાવના ન હોય? આત્માનો પરમ આનંદ–તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. આવો નિરપેક્ષ આનંદમાર્ગ બતાવીને સંતોએ અપૂર્વ કરુણા કરી છે. અરે જીવો! એકવાર કુતૂહલ કરીને અંદર જોવા તો આવો. વીતરાગી સંતો જેના આટલા–આટલા વખાણ કરે છે... આટલો પરમ મહિમા કરે છે. તે તત્ત્વ અંદરમાં કેવું છે! એમ આશ્ચર્યથી તે તત્ત્વને એકવાર દેખો તો ખરા! એને દેખતાં મહા આનંદ થશે. એમાં ડોકિયું કરતાં તને એવી શાંતિ અનુભવાશે કે જેમાં સંસારના દુઃખની ગંધ પણ નહીં રહે. અરે, એકવાર આ ચૈતન્યના નિર્વિકલ્પરસ પીવા તો અંદરમાં આવ, જીવનના સાચા લ્હાવા તો આમાં છે. અહા, તારા નિજરૂપને તો દેખ, આનંદમય તારું અકૃત્રિમ રૂપ મહા સુંદર છે, તેને જો તો ખરો, લોકો મોઢું સારું દેખાડવા

બહારથી ( પાવડર ચોપડવો વગેરે ) ઉપચાર કરે છે, પણ આ પોતાનું ચૈતન્ય-રૂપ તો કૃત્રિમતા વગર, સહજપણે જ મહા સુંદર છે, રાગના ડાઘ વગરનું છે; તેની શોભા માટે કોઈ ઉપચાર કરવા પડતા નથી. આવા અનુપચાર-અભેદ રત્નત્રયપરિણતિસ્વરૂપ આત્મા તે પોતે ખરેખર મોક્ષનો માર્ગ છે; ને તે જ મહા આનંદના લાભરૂપ મોક્ષને પામે છે. વીતરાગમાર્ગમાં ભગવંતોએ આવો સુંદર આનંદમાર્ગ પ્રકાશ્યો છે. અહો, આત્મા પ્રસન્ન થઈ જાય ને રત્નત્રયથી ખીલી ઊઠે-એવો સુંદર આ માર્ગ છે.

❀ આનંદસ્વરૂપ આત્મા સમ્યગ્દર્શનમાં ને સમ્યગ્જ્ઞાનમાં પણ સ્વસંવેદન-પ્રત્યક્ષરૂપ થાય છે. પરોક્ષ રહેવાનો તેનો સ્વભાવ નથી. એકલા પરોક્ષજ્ઞાનવડે આત્મા કદી જણાય નહીં. સ્વસંવેદન પ્રત્યક્ષવડે આત્મા ચોથા ગુણસ્થાને અનુભવમાં આવે છે, ને ત્યારથી મહા આનંદનો માર્ગ શરૂ થાય છે. આનંદના અનુભવપૂર્વક મહા આનંદનો માર્ગ પ્રગટે છે.

❀ અહા, એકવાર વિશ્વાસ લાવ કે હું મારા જ્ઞાનથી જ જણાઉં-એવો મારો સ્વભાવ છે, રાગવડે જણાઉં એવો હું નથી; સ્વભાવને પ્રત્યક્ષ કરવાની તાકાત મારા જ્ઞાનમાં છે. -એ તાકાત રાગમાં નથી. રાગ વગર, અંતર્મુખ જ્ઞાનવડે હું મારા સ્વભાવને આનંદથી પ્રત્યક્ષ કરીને, અનંત સિદ્ધભગવંતોની નાતમાં બેસનારો છું. મહા આનંદમય ચૈતન્યની કુંખ જેણે સેવી તે ભવ્ય જીવ સંસારમાં માતાની કુંખે ફરી અવતરતો નથી. અરે, ચૈતન્યપ્રભુના પડખાં જેણે સેવ્યા તેને હવે ભવ કેવા ? જે આત્મા પોતે જ આનંદરૂપ થઈ ગયો તેને હવે દુઃખ કેવા ? ને ભવભ્રમણ કેવું ? તે તો આનંદને વેદતો-વેદતો મહા આનંદના માર્ગે ચાલ્યો. વીતરાગમાર્ગમાં નિર્ભય સિંહની જેમ તે વિચરે છે. તે આત્મા પોતે જ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનને સમ્યક્ચારિત્ર છે; એનાથી જુદું કોઈ સમ્યગ્દર્શન નથી, એનાથી જુદું કોઈ સમ્યગ્જ્ઞાન નથી, ને ચારિત્ર પણ એનાથી જુદું નથી. રાગાદિ વિકલ્પો તેનાથી જુદા છે; પણ શુદ્ધ રત્નત્રય તેમજ અનંત ગુણના શુદ્ધભાવો તે તો અભેદપણે આત્મા જ છે, આત્માથી તે જુદા નથી. આવા પરમાનંદરૂપ આત્માને પ્રકાશનારાં પરમાગમ તે પણ લલિત છે-સુંદર છે-આનંદનાં કારણ છે. સહજ આનંદની પુષ્ટિ તે પરમાગમનો સાર છે.

❀ અહો, તીર્થંકરદેવના દરબારમાંથી આવેલી આ વાત છે. ભાઈ! તારા સ્વરૂપની આ વાત છે. તારું આવું પરમ સ્વરૂપ સમજતાં તારાં સ્વકાર્ય સિદ્ધ થશે. મોક્ષનો ઉપાય એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મુમુક્ષુનું કાર્ય છે. તે કાર્યનું કારણ થવાની જેનામાં તાકાત છે એવો સહજ શુદ્ધ ચેતનસ્વભાવ અનંત–ચતુષ્ટયથી ભરેલો ત્રિકાળ આત્મા છે. અંતર્મુખ થઈને તેને અવલંબતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય થયું–તે મોક્ષમાર્ગ છે. મોક્ષને માટે મોક્ષાર્થી જીવે તે નિયમથી કર્તવ્ય છે.

❀ વ્યવહારને–શુભરાગને નિયમથી કર્તવ્ય ન કહ્યું; તે તો વચ્ચે આવે છે પણ તે કાંઈ મોક્ષનો ઉપાય નથી. મોક્ષનો ઉપાય તો, રાગથી અત્યંત નિરપેક્ષ છે, તેમાં એકલા શુદ્ધ સ્વદ્રવ્યનું જ અવલંબન છે, પરદ્રવ્યનું–રાગનું–ભેદનું તેમાં જરાય અવલંબન નથી.

❀ ધર્મી કહે છે કે અહો! મારા પરમ તત્ત્વમાંથી આવા નિરપેક્ષ અનુપમ રત્નત્રયને પ્રાપ્ત કરીને હું મોક્ષના અતીન્દ્રિયસુખને અનુભવું છું. પોતાના નિજ–પરમ–તત્ત્વનું અવલંબન તે જ મોક્ષના આનંદનો માર્ગ છે. અહો, આનંદનો માર્ગ અંદરમાં છે, બહારમાં કોઈ બીજાના અવલંબને આનંદની પ્રાપ્તિ થતી નથી.

❀ વાહ, જન્મ–મરણના દુઃખના અંતની, અને મોક્ષના આનંદની પ્રાપ્તિની આ રીત છે. અસંગ ચૈતન્યપ્રભુનો સંગ કરતાં સંસારનો રંગ છૂટી જાય છે ને મોક્ષનો અવસર આવે છે.

❀ મોક્ષમાર્ગરૂપ કાર્ય સાધવા માટેનું કારણ જીવના પોતાના સ્વભાવમાં જ વિદ્યમાન છે. તે કારણનો સ્વીકાર થતાં શુદ્ધ કાર્ય થયું છે. આ જે સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધકાર્ય મારામાં થયું–તેનું શુદ્ધ–કારણ પણ મારામાં જ વિદ્યમાન છે. –આમ જેણે કારણસ્વભાવનો સ્વીકાર કર્યો તેને રાગાદિમાંથી કારણની બુદ્ધિ છૂટી ગઈ છે, અર્થાત્ રાગ મારા રત્નત્રયનું કારણ બને એવો ભાવ તેને રહેતો નથી; રાગથી ભિન્ન જે શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે તેને જ તે કારણપણે સ્વીકારીને તેના આશ્રયે શુદ્ધકાર્યરૂપે પોતે પરિણમે છે. મોક્ષને માટે આ નિયમથી કર્તવ્ય છે.

❀ સમ્યગ્દ્રષ્ટિ જીવે પરમાત્મસુખનો સ્વાદ ચાખ્યો છે; તે અતીન્દ્રિય પરમાત્મસુખની જે તેને અભિલાષા છે; સંયોગની અનુકૂળતા કે પ્રતિકૂળતા આત્મામાં નથી.

અંતરતત્ત્વના આનંદની ઉત્પત્તિનું ધામ તો શુદ્ધજીવાસ્તિકાય પોતે છે, તેમાં અંતર્મુખ થઈને જે શ્રદ્ધા થઈ તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન આખા જગતથી અત્યંત નિરપેક્ષ છે. સમ્યગ્દર્શનમાં એકલી શ્રદ્ધા નથી; એની સાથે તો આત્માના અતીન્દ્રિય આનંદ–જ્ઞાન વગેરે અનંતા નિર્મળ ભાવો ખીલે છે. અનંતગુણના નિર્મળરસથી ભરેલું આવું સમ્યગ્દર્શન પોતે આનંદરૂપ છે, ને તે મહા આનંદનો માર્ગ છે.

હે વીરનાથ! આવા આનંદમય માર્ગે આપ શિવનગરીમાં પહોંચ્યા...

હું પણ આનંદપૂર્વક આપના જ માર્ગે શિવપુરીમાં આવી રહ્યો છું.

આનંદમય જિનમાર્ગ જયવંત વર્તો.

## બેંગલોર શહેરમાં મંગલ મુહૂર્ત

બેંગલોરના મુમુક્ષુ મંડળ તરફથી ત્યાંના ટ્રસ્ટી શ્રી જુગરાજજી શેઠ તરફથી સહર્ષ સમાચાર છે કે બેંગલોરમાં નવીન દિગંબર જિનમંદિર તેમજ સમવસરણ–મંદિરનું નિર્માણ થવાનું છે; તેના શિલાન્યાસનું શુભ મુહૂર્ત તા. ૨૪–૩–૭૩ ના રોજ રાખેલ છે. આ પ્રસંગે પૂ. ગુરુદેવ (શ્રી કાનજી સ્વામી) બે દિવસ માટે બેંગલોર પધારવાના છે.

બેંગલોરનું સરનામું–
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંડલ ટ્રસ્ટ**

Karim Building ist floor
Chickpet croos, BANGALORE 2A

# સાચી શાંતિની શોધમાં...

**જેમ તરસ્યા જીવને પાણી પીધા પહેલાં પણ સરોવરના કિનારે આવતાં પાણીની ઠંડક વેદાય છે... તેમ સમ્યક્ત્વસન્મુખ જીવ શાંતિના સમુદ્રના કિનારે આવેલો છે... તેને શું થાય છે? તેનું આ વર્ણન છે.**

[ ૬ ]

[ લે. શૈલેશકુમાર અનંતરાય ગાંધી, વડોદરા ]

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણી–કરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? તથા સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી–કરણી અને વિચારધારા કેવા પ્રકારની હોય? –આ સંબંધમાં સૌથી પ્રથમ લખવાનું કે 'ખરેખર સમ્યગ્દ્રષ્ટિ જ સમ્યગ્દ્રષ્ટિના અંતરને જાણી શકે છે.' અમારા જેવા જિજ્ઞાસુ જીવો તેને ઓળખવા માટે પ્રયત્ન કરે છે, ને તેવી દશાની ભાવના ભાવે છે. તેમની ઓળખાણ તે ભેદજ્ઞાનનું કારણ છે.

જીવ અનંતકાળથી દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખ પરના કારણે નથી, પણ પોતાના સ્વભાવને ભૂલીને પરભાવથી તે દુઃખી થઈ રહ્યો છે. –આમ જેને અંતરમાં દુઃખનું વેદન લાગે છે તે સુખપ્રાપ્તિનો પુરુષાર્થ કરે છે. તેને કોઈ ને કોઈ પ્રકારે સત્ દેવ–ગુરુ–શાસ્ત્રનું નિમિત્ત મળી જાય છે; અને તેમણે બતાવેલા માર્ગને તે જીવ ઉત્સાહથી આદરે છે. તે આત્મસન્મુખ જીવ માત્ર બાહ્યનિમિત્તમાં અટકતો નથી, પણ તે ગુરુવાણી શાસ્ત્રસ્વાધ્યાય વગેરે દ્વારા અંતરમાં સુખ–પ્રાપ્તિનો રસ્તો ખોજે છે. જેમ જેમ રસ્તો મળતો જાય છે તેમ તેમ તેનો પ્રમોદ વધતો જાય છે; હજી ખરેખર શાંતિ મળી નથી હોતી છતાં પણ શાંતિ લાગતી હોય છે. જેમ તરસ્યા જીવને પાણી મળ્યા પહેલાં પણ સરોવરના કિનારે આવતાં પાણીની ઠંડક વેદાય છે તેમ સમ્યક્ત્વસન્મુખ જીવ શાંતિના સમુદ્રના કિનારે આવેલો છે, તેને તે પ્રકારની શાંતિ પોતામાં દેખાય છે. જેમજેમ ચૈતન્યનો મહિમા ભાસતો જાય છે તેમ તેમ જગતના પદાર્થો પ્રત્યે તે ઉદાસીન થતો જાય છે. મારે આ જગતથી કશું કામ નથી, અને હું પણ આ જગતને કાંઈ કરી દઉં તેમ નથી. આ જગત માટે હું, અને મારે માટે આ જગત, કંઈ પણ કાર્યકારી નથી. –આવા વૈરાગ્યવિચાર દ્વારા પરથી જુદાઈ જાણીને તે પોતાના આત્માને સાધવા તરફ વળે છે.

આત્માનું સ્વરૂપ શું, લક્ષણ શું, અને કાર્ય શું, તે મુમુક્ષુજીવ નક્કી કરે છે. મારા આત્માના આશ્રયે જ મને સુખ થશે–એમ તેને ખ્યાલમાં આવે છે. ત્યારબાદ તે ચિંતન–મનન દ્વારા ગુરુઉપદેશ સાથે પોતાના વિચારો સરખાવે છે; ઉપદેશ અનુસાર વસ્તુ તેને પોતામાં ભાસતી જાય છે. જ્ઞાનાદિ સ્વગુણોથી પૂરો, અને અન્ય સર્વ પદાર્થોથી ભિન્ન, કર્મ–નોકર્મથી જુદો, રાગાદિ વિકારી ભાવોથી પણ જુદી જાતનો એવો આત્મસ્વભાવ, શુદ્ધ ચૈતન્ય–આનંદકારી અનંત ચૈતન્યલક્ષ્મીવાન હું જ છું, એમ નિજસ્વરૂપનો નિર્ણય કરીને તેમાં તે ઊંડો ઊતરતો જાય છે.

આવા જીવની વિચારધારા ક્ષણે ક્ષણે આત્મસન્મુખ થતી જાય છે. શાસ્ત્રવાંચન ગુરુઉપદેશ તથા અંતરમાં પોતાના જ્ઞાન–વિચારના ઉદ્યમ વડે તેને પોતાનું સમ્યક્દર્શનરૂપી કાર્ય કરવાનો ઘણો જ હર્ષ અને ઉત્સાહ છે. સ્વકાર્યને સાધવા તે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે, તેમાં પ્રમાદ કરતો નથી. તત્ત્વવિચારના ઉદ્યમ વડે તેને સ્વ પરની સ્પષ્ટ ભિન્નતા ભાસે, અને સ્વસંવેદનપૂર્વક કેવળ પોતાના જ્ઞાનમય આત્મા વિષે જ 'આ હું છું' એવી અહંબુદ્ધિ થાય ત્યારે તે જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે. પહેલાં જેમ શરીરમાં મિથ્યા અહંબુદ્ધિ હતી કે 'મનુષ્યાદિ જ હું છું' તેમ હવે દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મામાં સ્વાનુભવપૂર્વક એવી સમ્યક્ અહંબુદ્ધિ થઈ કે 'આ ચૈતન્યપણે અનુભવાતો આત્મા જ હું છું. સમ્યગ્દર્શન થતાં અંતરમાં જ્ઞાનની અનુભૂતિપૂર્વક આત્માના આનંદનું વેદન થઈ જાય છે. જ્યાં સુધી આવો અનુભવ ન થાય ત્યાં સુધી ઊંડા તત્ત્વવિચારનો ઉદ્યમ કર્યા જ કરે–તે જીવનું કર્તવ્ય છે; અને ત્યાં કર્મના સ્થિતિ–અનુભાગ વગેરેમાં પણ સમ્યક્ત્વ થવાને યોગ્ય ફેરફાર સ્વયમેવ થઈ જાય છે.

દેહથી ભિન્ન ચૈતન્યમય મારું અસ્તિત્વ–વસ્તુત્વ વગેરે અનંત શક્તિઓ મારામાં રહેલી છે; જ્ઞાન–આનંદરૂપે પરિણમન કરવું તે મારો સ્વભાવ છે. જડના કોઈ પણ પરિણામરૂપે હું થતો નથી, તેથી તેનું કાંઈ હું કરી શકું નહીં. આવી વિચારધારાથી પર પ્રત્યેનો રસ ઊડી જાય છે, ને ચૈતન્ય તરફનો રસ વધતો જાય છે. હું અસંખ્યપ્રદેશી એક અખંડ પદાર્થ છું અને મારામાં દર્શન–જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણો સર્વપ્રદેશે ઓતપ્રોત થઈને રહેલાં છે, તેઓ જ શ્રદ્ધા–જ્ઞાન–સુખપર્યાયરૂપે થાય છે, તેનો કર્તા આત્મા જ છે. –આમ આત્માના સ્વભાવને જાણે છે અને તેના ધ્યાનનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસ વડે તે સમ્યક્ત્વસન્મુખ જીવ થોડા કાળમાં સમ્યગ્દર્શન પામે છે; કોઈ આ ભવમાં જ પામે છે; અગર આ ભવના સંસ્કાર લઈને જ્યાં

જાય ત્યાં પામે છે. નરક–તિર્યંચમાં પણ કોઈ જીવ પૂર્વના સંસ્કાર જાગૃત કરીને સમ્યક્ત્વ પામી જાય છે. મૂળ તો અંતરમાં સ્વરૂપસન્મુખ થવાનો અભ્યાસ જ સમ્યગ્દર્શનનું કારણ છે.

શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાને કોઈક જ વાર થાય છે અને થોડો જ કાળ રહે છે; પણ તેને જે શુદ્ધાત્મપ્રતીત થઈ છે તે તો નિરંતર ચાલુ જ રહે છે. શુદ્ધોપયોગ સિવાયના કાળમાં આત્મપ્રતીતિપૂર્વક સ્વાધ્યાય–મનન–જિનપૂજા–ગુરુસેવા વગેરે શુભ પ્રવૃત્તિમાં વર્તે છે, તેમજ ગૃહસંબંધી વ્યાપારાદિ કાર્યોમાં પણ વર્તે છે, પણ તેની દ્રષ્ટિમાં આવેલું આત્મતત્ત્વ તો તે બધા રાગથી જુદું ને જુદું જ રહે છે. આવા સમ્યગ્દર્શન માટે ઉદ્યમી જીવ સાચી ધગશથી તેના પ્રયત્નમાં લાગ્યો રહે છે. કદાચિત્ સમ્યગ્દર્શન જલ્દી ન થાય તો વધુને વધુ પ્રયત્ન કરે છે, પણ તેમાં થાકતો નથી. તેમજ આકુળ–વ્યાકૂળ બનીને પ્રયત્ન છોડી દેતો નથી, પણ ધીરજથી ઉત્સાહથી પોતાનું મહાન કાર્ય સાધવાનો ઉદ્યમ કર્યા કરે છે, ને તે સાધીને જ જંપે છે.

સમ્યગ્દર્શન થતાં દેવ–ગુરુ–શાસ્ત્રની સાચી ઓળખાણ થઈ હોવાથી, તેમની ઉપાસનામાં પરમ પ્રમોદ અને ભક્તિ આવે છે; સાધર્મી પ્રત્યે ઊંડું વાત્સલ્ય, ધર્મપ્રભાવના અને દાનાદિ પણ કરે છે. ચૈતન્યતત્ત્વના ગંભીર મહિમાનું વારંવાર પરમ પ્રેમપૂર્વક ઊંડું ઘોલન કરતાં તેને આનંદ થાય છે. તેમાં જેટલા રાગના અંશો છે તેને રાગરૂપે જ ગણીને, જ્ઞાનથી ભિન્ન જાણે છે, અને તેથી તેનો કર્તા નહીં બનતા જ્ઞાયકભાવરૂપે જ રહે છે.

જેમ રાજા વગેરે પુણ્યવંત પુરુષ જ્યાં પધારે તે ઘર તો સુંદર હોય, ને તેનું આંગણું પણ ચોખ્ખું હોય; તેમ ત્રણલોકમાં શ્રેષ્ઠ એવા સમ્યગ્દર્શન–રાજા જેના અંતરમાં પધાર્યા તેના અંતરમાં સ્વઘરની શુદ્ધતાની તો શી વાત ! એમાં તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મા બિરાજી રહ્યા છે, ને તેનું આંગણું એટલે કે બાહ્ય વ્યવહાર પણ ચોખ્ખો હોય છે; સમ્યગ્દ્રષ્ટિના શુભપરિણામ પણ બીજા કરતાં જુદી જાતના હોય છે; તીવ્ર કલુષતાનો તેને અભાવ હોય છે.

જેમ બાળકને સાકરનો સ્વાદ મીઠો લાગતાં તેને ફરીફરીને સાકર ખાવાની ઈચ્છા થાય છે, તેમ સમ્યગ્દર્શન વડે એક વાર ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ ચાખ્યા પછી ધર્મીને ફરીફરીને તે આનંદ અનુભવવાનું મન થાય છે; તે પોતાનો ઉપયોગ ફરી–ફરીને આત્મા તરફ વાળવા માંગે છે, આત્માના આનંદ સિવાય

બીજે ક્યાંય તેનું ચિત્ત ઠરતું નથી. સહજાનંદી જ્ઞાયકઆત્માની રમણતામાં મસ્ત રહેવા સિવાય બીજી કોઈ આકાંક્ષા તેને નથી. સંસારના બાહ્ય વિષયોમાં કે પરભાવમાં તેને ચેન પડતું નથી. જ્ઞાનસમુદ્રમાંથી આત્મજ્ઞાનનું અમૃત પીધુ તેને જ વધુ ને વધુ પીવાની પીપાસા છે. અંતરમાં જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન આનંદ... આનંદ... આનંદ જ મારું સ્વરૂપ છે, તે જ હું છું–એવા ભણકારા વાગ્યા કરે છે. રાગ અને વિકલ્પ આવે તો તેને હંમેશાં જ્ઞાનથી બહાર જ રાખે છે. વિકલ્પનું વેદન એને દુઃખરૂપ લાગતું હોય છે. વિકલ્પોને પોતાનું સ્વરૂપ માનતા નથી તેથી તે વિકલ્પોથી ખસીને પોતાની શાંતચેતનાનો આશ્રય લ્યે છે.


–બહારમાં વ્યાપાર–ધંધા વગેરે કરતા જણાય, અશુભરાગ પણ હોય, –તોપણ તે વખતે સ્વતત્ત્વને તે બધાથી જુદા જ્ઞાયકભાવરૂપે જ જાણે છે. કુટુંબ કે સમાજની વચ્ચે જણાય પણ તે સમાજ કે કુટુંબની સાથે આત્મહિતનો સંબંધ જરાય માનતા નથી. અરે, પુણ્યની પણ જ્યાં રુચિ નથી ત્યાં બીજાની શી વાત! બહારમાં ભલે પુણ્યસામગ્રીના ગંજ હોય, કે કોઈ કારણવશ મોટી પ્રતિકૂળતા આવી પડે, છતાં બંનેથી પાર અંદરની ચૈતન્યશાંતિ છૂટતી નથી. તે જાણે છે કે જગતનો કોઈ પદાર્થ મારી શાંતિનો દાતાર કે હણનાર નથી. મારું સુખનું વેદન મને અંતરમાંથી આવ્યું તે કોઈ સંયોગોમાં છૂટે નહિ, કેમકે તે શાંતિનું વેદન કાંઈ બહારથી નથી આવ્યું. જેટલી બાહ્યવૃત્તિ જાય છે તેટલું દુઃખ છે. આ રીતે દુઃખને દુઃખરૂપ જાણે છે, ને તેનાથી ભિન્ન અંતરાત્માને પકડી તેના આશ્રયે અંતરમાં આનંદ–સુખનો સ્વાદ પણ લીધા જ કરે છે.

**-આવી અપૂર્વ અંતરદશા સહિત ઉત્તમ વિચારધારા**
**તથા ઉત્તમ રહેણી-કરણી સમ્યગ્દૃષ્ટિ જીવોની હોય છે...**
**તેમનું જીવન ધન્ય છે.**

આ જીવને પોતાના શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જે સંતોષ થાય છે, તેવો સંતોષ આ જગતમાં કલ્પવૃક્ષ –ચિંતામણિ–કામધેનુ–અમૃત કે ઇન્દ્રપદ વગેરે કોઈ પણ પદાર્થની પ્રાપ્તિથી થતો નથી.

# પરમાગમની મધુરી પ્રસાદી

[ ૨ ]



**અહો, પરમાગમ તો ખોબા ભરીભરીને ચૈતન્ય-અમૃતના ઘૂંટડા પીવડાવે છે.**

**સમયસારના સંવર-અધિકાર દ્વારા જ્ઞાન અને રાગનું સર્વથા ભેદજ્ઞાન, અને નિયમસારના પ્રથમ અધિકાર દ્વારા જીવતત્ત્વનું પરમ ઉપાદેયસ્વરૂપ (કારણપરમાત્મા) -તેનું અંતર્મુખી ઘોલન ગુરુદેવના પ્રવચનમાં ચાલી રહ્યું છે, તેની મધુરી પ્રસાદી અહીં આપી છે. ગુરુદેવ ઘણીવાર પ્રમોદથી કહે છે કે અહો! આ તો કેવળીપ્રભુ પાસેથી આવેલો ઊંચો માલ છે, અમે તેમના આડતિયા તરીકે આ માલ આપીએ છીએ. અહો, શ્રીગુરુ દ્વારા મળતી જિનાગમની વીતરાગી પ્રસાદી મુમુક્ષુને આનંદિત કરે છે. પરમાગમની મધુરી પ્રસાદીનો આ વિભાગ, શ્રી પરમાગમ-મંદિરનું ઉદ્ઘાટન થતાં સુધી ચાલુ રહેશે.**

સંવર–અધિકારની શરૂઆતમાં ॐ **नमः सिद्धेभ्यः** એમ સિદ્ધ પરમાત્માને નમસ્કારરૂપ ખાસ મંગળ કર્યું છે. સંવર તે જીવની અપૂર્વ દશા છે; ઉપયોગસ્વરૂપ

શુદ્ધાત્માની સન્મુખ થઈને ભેદજ્ઞાન કરતાં સંવરદશા પ્રગટે છે, એટલે કે મોક્ષમાર્ગ શરૂ થાય છે. તેથી આવું ભેદજ્ઞાન પ્રશંસનીય છે, અભિનંદનીય છે.

ધર્મી જાણે છે કે હું ઉપયોગસ્વરૂપ છું. મારો આત્મા ચૈતન્ય–અધિકરણ છે એટલે કે ચૈતન્ય ભાવ જ મારા આત્માનો આધાર છે. ઉપયોગ સાથે જ મારે આધાર–આધેયપણું છે, રાગના આધારે મારો આત્મા નથી, ને મારા ઉપયોગસ્વરૂપ આત્માના આધારે રાગની ઉત્પત્તિ નથી, એટલે રાગાદિ સાથે મારે આધાર–આધેયપણું નથી. આ રીતે રાગાદિ ભાવોને અને ઉપયોગને સર્વ પ્રકારે અત્યંત ભિન્નતા છે.

મારા ઉપયોગસ્વરૂપની અનુભૂતિમાં રાગાદિ ભાવો અનુભવાતા નથી; કેમકે તે ભાવો મારા ઉપયોગથી જુદા છે. જેમ બે દ્રવ્યો જુદા છે તેમને એકપણું નથી, તેમ જ્ઞાન અને રાગ જુદા છે તેમને એકપણું નથી.

ચૈતન્ય અને ક્રોધ એ બંનેનું એક–અધિકરણ નથી, ક્રોધના આધારે ચૈતન્ય નથી, ને ચૈતન્યના આધારે ક્રોધ નથી; માટે ક્રોધને જાણતો હું તે ક્રોધરૂપ નથી, ચૈતન્યરૂપ જ છું. આચાર્યદેવ કહે છે કે અહો, આવા ભેદજ્ઞાનરૂપ અનુભૂતિ પ્રશંસનીય છે, તે જ સંવરનો પરમ ઉપાય છે.

જ્ઞાનની ક્રિયા જ્ઞપ્તિરૂપ છે, જ્ઞાનની ક્રિયા ક્રોધાદિરૂપ નથી. આત્મા જ્ઞાપ્તિક્રિયાનો આધાર થાય ને ક્રોધાદિક્રિયાનો પણ આધાર થાય–એમ નથી. આત્માની જ્ઞપ્તિક્રિયામાં ક્રોધાદિક્રિયા નથી, ને ક્રોધાદિક્રિયામાં જ્ઞપ્તિક્રિયા નથી. અરે, જ્ઞાનમાં રાગનો અંશ કેમ સમાય? ને રાગમાંથી જ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય? –બંનેની જાત જ તદ્દન જુદી છે.

અહો, મારો ચેતનસ્વભાવ... જગતથી ન્યારો... અદ્ભુત છે! જગતના પરમાણુ કે પરમાત્મા–તે બંને મારા જ્ઞાનના જ્ઞેયપણે જ છે; બંને મારા જ્ઞાનથી બહાર છે; પરમાત્માને જાણતાં જ્ઞાન તેના ઉપર રાગ કરે, કે પરમાણુમાં દુર્ગંધ વગેરેને જાણતાં જ્ઞાન તેના ઉપર દ્વેષ કરે, –એવું જ્ઞાનનું સ્વરૂપ નથી. જ્ઞાન તો રાગ–દ્વેષ વગરનું વીતરાગ છે.

અહા, 'જ્ઞાન' કોને કહેવાય? જ્ઞાન તો ચૈતન્યસ્વાદવાળું છે. ચૈતન્યરસના સ્વાદમાં આત્માના અનંત ગુણનો અત્યંત મધુર સ્વાદ સમાયેલો છે. શાંતરસવાળું જ્ઞાન છે; તે જ્ઞાન કોઈ જ્ઞેયને જાણતાં, પોતાના ચૈતન્યપરિણામ સિવાય બીજા કોઈ રાગાદિ ભાવને જરાપણ કરતું નથી. આવું જ્ઞાન તે જ્ઞાનીનું કાર્ય છે. જ્ઞાનીનો આત્મા આવા

શુદ્ધજ્ઞાનમાં જ છે. – 'ઉપયોગ ઉપયોગમાં જ છે.' ઉપયોગમાં રાગાદિ જરાપણ નથી.

આવા ભેદજ્ઞાન વડે જ્ઞાનીને આત્માના અનુભવમાં આનંદના વેણલા વાયા છે. અહા, વીતરાગમાર્ગ! એ તો અલૌકિક જ હોય ને! એનું ફળ પણ અનંતકાળ સુધી અનંત આનંદની પ્રાપ્તિ છે. આવો આ માર્ગ, તે સાંભળવાનો ને અંતરમાં અનુભવ કરવાનો આ અવસર મળ્યો છે. આવો માર્ગ સમજીને આત્મામાં સુખ પ્રગટે તે જ આત્માનું જીવન છે. આત્માના સુખ વગરનું જીવન એને તે જીવન કોણ કહે? ભેદજ્ઞાન વડે અંતરમાં રાગથી ભિન્ન શુદ્ધ ઉપયોગના અનુભવ વડે અતીન્દ્રિય સુખમય સાચું જીવન ધર્મીને પ્રગટયું છે, તે જ ખરું જીવન છે. સંવર અધિકારની શરૂઆતમાં આચાર્યદેવે એવા ભેદજ્ઞાનને અભિનંદ્યું છે. ( ...**भेदविज्ञानं अभिनन्दति**... )

નિયમસારમાં આત્માનો પરમ સ્વભાવ બતાવતાં કહે છે કે અહો, આત્માના પરમસ્વભાવના મહિમાની શી વાત? પરમાગમને વલોવી–વલોવીને સંતોએ ચૈતન્ય પરમતત્ત્વ બહાર કાઢયું છે, દેવ–ગુરુ–શાસ્ત્રોએ આ પરમસ્વભાવનો મહિમા ગાયો છે. આવા પરમ સ્વભાવને પોતાના અંતરમાં ભેદજ્ઞાનરૂપ તીક્ષ્ણબુદ્ધિવડે ઉપાદેય કરીને ધર્મી જીવો તેની ભાવના કરે છે. જેની બુદ્ધિ તીક્ષ્ણ થઈ છે, – રાગથી જુદી થઈને અતીન્દ્રિયરૂપે પરિણમીને અંતરસ્વભાવમાં ઘૂસી ગઈ છે–તે જીવને તે તીક્ષ્ણબુદ્ધિમાં પોતાનો પરમ આત્મા જ ઉપાદેય છે. રાગબુદ્ધિવાળા જીવો આવા સ્વભાવને ઉપાદેય કરી શકતા નથી.

અહો, મારું પરમાત્મતત્ત્વ સદાય આનંદ રસઝરતું છે, શુદ્ધોપયોગ વડે જ તેની ભાવના થાય છે. શુદ્ધોપયોગ વડે નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્‌ભાવનામાં તત્પર જીવને નિયમથી મોક્ષમાર્ગ હોય છે. એને સદાય સુપ્રભાત છે એટલે આનંદની ધારા સદાય વર્તે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ વગર, બહારમાં તો બેસતા વર્ષ અનંતવાર બેઠા, છતાં જીવ દુઃખી જ રહ્યો. જ્યાં સુધી જ્ઞાનપ્રભાત ઊગે નહિ ને અજ્ઞાનઅંધારા ટળે નહિ ત્યાં સુધી જીવ સુખી થાય નહીં. ભાઈ, અંતર્મુખ થઈને તારા ચૈતન્યતત્ત્વની ભાવના કર. ચૈતન્યભાવનાથી જે આનંદયમય નવું વર્ષ બેઠું, તે એવું બેઠું કે ફરી કદી અંધારું થાય નહિ કે દુઃખ આવે નહીં. આવા પરમસ્વભાવી આત્માને દ્રષ્ટિમાં લઈને તેની ભાવના કરતાં મોક્ષમાર્ગ પ્રગટયો અને તેમાં દેવ–ગુરુ–શાસ્ત્રની વીતરાગી આજ્ઞા પણ આવી ગઈ. જેણે આવી ભાવના કરી તેણે મોક્ષપુરીનો મંગલકુંભ સ્થાપ્યો.

સહજ એક જ્ઞાયકસ્વભાવરૂપ જે પોતાનું પરમ તત્ત્વ, તેમાં અંતર્મુખ શ્રદ્ધા

–જ્ઞાન–લીનતા વડે અભૂતપૂર્વ સિદ્ધદશા થાય છે. આ અંતર્મુખ ભાવોમાં ક્યાંય રાગનું કે પરનું અવલંબન નથી; એકલા સ્વતત્ત્વમાં તે સમાય છે.

ભાઈ, આ તારા અપૂર્વ હિતની વાત છે. અંતરમાં ઊતરીને જેણે આત્માને શોધી લીધો છે તે ધર્મીજીવ આખા જગતથી ઉદાસ થઈ, રાગથીયે ઉદાસ થઈ, અંતરમાં ભવદુઃખથી છૂટવા મોક્ષસુખને સાધે છે. હે જીવ! અનંતકાળના ભવદુઃખની ભયંકર પીડા, તેનાથી છૂટવા ને ચૈતન્યની સાચી શાંતિ પામવા તું તારા અંતરમાં રાગ વગરના પરમ ચૈતન્યતત્ત્વને દેખ. અનંત શુદ્ધતાનો ગંજ અંદર છે, તેના વેદનસહિતની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

અરે જીવ! તારા તત્ત્વનો મહિમા કોઈ પરમ અદ્ભુત છે; સિદ્ધભગવાન જેવો મહિમા તારા આત્મામાં છે, પુણ્યથી તેનો પાર પમાય તેમ નથી. એની ગંભીરતા ને ગહનતા, અંતરના સ્વાનુભવવડે જ પાર પમાય તેવા છે. ચૈતન્યના બાગમાં જ્યાં અતીન્દ્રિય આનંદના ફૂવારા ઊછળે છે–તેમાં પ્રવેશીને, આનંદધામમાં અવિચળપણે ધર્મી જીવ મોક્ષને સાધે છે. તે અતીન્દ્રિય ચૈતન્યરસનો સ્વાદીયો થયો છે, ત્યાં બાહ્ય વિષયોના સ્વાદમાં ક્યાંય તેને ચેન પડતું નથી; વિષયોનું વેદન તો વિષ જેવું લાગે છે. ચૈતન્યના પરમ અચિંત્ય આનંદ પાસે તેને દુનિયાનો પ્રેમ ઊડી ગયો છે. તેની અંતરની મીઠીમધુરી સમ્યક્ દ્રષ્ટિ નિઃશંકપણે પ્રતીત કરે છે કે ત્રિકાળ સહજ સ્વભાવમાં મને સહજ જ્ઞાન –સહજદ્રષ્ટિ અને સહજચારિત્ર સદાય જયંવત વર્તે છે; અને સહજ શુદ્ધચેતના પણ અમારા પરમતત્ત્વમાં સુસ્થિતપણે સદા જયવંત વર્તે છે. અમારા આત્મામાં આવી સહજ ચેતનાને અમે સદા જયવંત દેખીએ છીએ, તેમાં ક્યાંય રાગાદિ પરભાવો જયવંત નથી. આત્માનો પરમ ગંભીર મહિમા જેવો છે તેવો જ સંતો બતાવે છે. જે સત્ ‘છે’ તેનાથી વધારે કોઈ નથી કહેતા, અહા, ચૈતન્યના મહિમાની શી વાત! અંતરના અનુભવ વગર એના મહિમાનો પાર પમાય તેમ નથી. આત્માનો સાક્ષાત્ અનુભવ થતાં પરભાવો જુદા રહી જાય છે, ચૈતન્યની શાંતિના અનુભવમાં તે એકમેક થતા નથી, કેમકે તેની જાત તદ્દન જુદી છે, તેના અંશો તદ્દન જુદા છે. આવી અપૂર્વ આત્મશાંતિનું વેદન તે જિનવાણીના અભ્યાસનું ફળ છે. (વચનામૃત વીતરાગનાં... પરમ શાંતરસ–મૂળ.)

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં પરમાગમ આત્માના શાંત ચૈતન્યરસથી ભરેલાં છે. ભવ્યજીવોએ પીવાયોગ્ય અમૃત તે પરમાગમમાં ભર્યું છે; –કેમકે તે પરમાગમ રાગાદિથી અત્યંત જુદું પરમ નિરપેક્ષ ચૈતન્યતત્ત્વ દેખાડે છે, તે તત્ત્વની સન્મુખ થતાં જ

અંદર આનંદના અમૃતની લહેરો ઊઠે છે. તેથી તેમાં નિમિત્તરૂપ જિનવાણીને પણ અમૃતથી ભરેલી કહી છે. અહો, વીતરાગી પરમાગમ તો ખોબા ભરી ભરીને ચૈતન્યરસના ઘૂંટડા પીવડાવે છે. –પણ ભાવશ્રુતવડે તેનું રહસ્ય જે સમજે તેને તે ચૈતન્યરસનો સ્વાદ આવે; એકલા શબ્દોમાંથી ચૈતન્યરસનો સ્વાદ ન આવે.

સ્વસંવેદન પ્રત્યક્ષ થયેલા મતિ–શ્રુતજ્ઞાનના બળથી ધર્મી જીવ નિઃશંક થઈ ગયો છે કે હવે હું મારા જ્ઞાન–શ્રદ્ધાના બળવડે ભવસાગરને તરી રહ્યો છું. મધુર ચૈતન્યરસનો સ્વાદ લેતો–લેતો મારો આત્મા મોક્ષને સાધી જ રહ્યો છે. કેવળજ્ઞાનમાં જ નિઃશંકતા થાય ને મતિ–શ્રુતજ્ઞાનમાં સાધકને નિઃશંકતા ન થાય–એમ નથી. સાધકના મતિ–શ્રુતજ્ઞાન પણ આત્માના સ્વાનુભવવડે કેવળજ્ઞાનની જેમ જ આત્મામાં નિઃશંક વર્તે છે કે આ આત્મા ધર્મી થયો છે ને મોક્ષને સાધી રહ્યો છે. આ રીતે મતિ–શ્રુતજ્ઞાનની તાકાત પણ કોઈ અચિંત્ય–અદ્ભુત છે. ભલે છદ્મસ્થ હો–ગૃહસ્થ હો, પણ એના સ્વસંવેદન મતિ–શ્રુતજ્ઞાનમાં કેટલી તાકાત છે! તેની લોકોને ખબર નથી. પરમાત્માની વાણી એવો અદ્ભુત ચૈતન્યસ્વભાવ દેખાડે છે કે જે સ્વભાવને જાણતાં ધર્મી જીવ સંસારને તરી જાય છે, ઉદયના તરંગો તેને ડુબાડી શકતા નથી; એનું જ્ઞાન તો તરતું છે... વિષમતાના પહાડ એને રોકી શકતા નથી.

અહો, આત્માના અમૃતનું પાન કરાવનારી વીતરાગની વાણીના પ્રવાહરૂપી પરમાગમ આ કાળે પણ વિદ્યમાન છે. વીતરાગી સંતોએ અંદર શાંતરસના દરિયામાં ડુબકી મારીને જે ચૈતન્યરસનો સ્વાદ ચાખ્યો તે વાણી દ્વારા જગતને દેખાડયો; તેને સમજીને મુમુક્ષુ જીવો ચૈતન્યના વીતરાગી અમૃતનું પાન કરે છે. ભગવાનની વાણી સમજે ને આત્માનું જ્ઞાન ન થાય એમ બને નહિ. જેણે પાત્ર થઈને ભગવાનની વાણી સાંભળી તે જીવ સ્વલક્ષ કરશે જ અને આત્માના આનંદને પામશે જ. અહો, જિનવાણી વિશ્વના નવે તત્ત્વોનું જ્ઞાન કરાવીને જીવને મોક્ષ તરફ લઈ જાય છે, ને ચૈતન્યના શાંતરસનું પાન કરાવે છે.

અરે જીવ! પરમાગમે દેખાડેલા તારા ચૈતન્યદરિયામાં છલોછલ ભરેલા આ અમૃતને એકવાર પી તો ખરો. ચૈતન્યના આનંદનો એકવાર સ્વાદ તો લે. ચૈતન્યના અમૃતની શાંતિ પાસે રાગ તો તને આગ જેવો લાગશે. અહો, અમૃતમાર્ગ! એની બલિહારી છે; એમાં રાગનો કોઈ ક્લેશ નથી. વીતરાગી શુદ્ધોપયોગપૂર્વક સમ્યગ્દર્શન થતાં આત્મામાં આવો અમૃતમાર્ગ શરૂ થાય છે. આવો આનંદમાર્ગ પ્રગટે તે પરમાગમનું

ફળ છે. શુભરાગ તે કાંઈ ખરેખર પરમાગમનું ફળ નથી. આત્મામાં વીતરાગતા ને આનંદ થાય તે જ પરમાગમનું ફળ છે. –કેમકે પરમાગમે સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવીને સ્વ–સન્મુખ થવાનું કહ્યું હતું, –એમ કરતાં પરમ આનંદ પ્રગટયો, મોક્ષમાર્ગ પ્રગટયો. જે આવો માર્ગ પ્રગટ કરે તેણે જ ખરેખર પરમાગમને જાણ્યા છે.

અહો! વીતરાગી સંતોએ આવા પરમાગમ દ્વારા અમને શુદ્ધાત્મા આપ્યો... અમારા આત્માનો અનંત વૈભવ અમને દેખાડયો. એને જાણતાં જે અમૃત મળ્યું તેની શી વાત! જેમ પૂરણપોળી ઘીથી રસબોળ હોય તેમ પરમાગમ તો સર્વત્ર વીતરાગી–ચૈતન્યરસથી તરબોળ છે... વીતરાગરસથી ભરેલો આત્મા તે લક્ષગત કરાવે છે, ને પરપ્રત્યેથી પરમ વૈરાગ્ય કરાવીને ચૈતન્યના આનંદરસનો સ્વાદ ચખાડે છે.

**[ શ્રી ગુરુપ્રતાપે આવા પરમાગમ અહીં સોનગઢના પરમાગમ-મંદિરમાં કોતરાઈ રહ્યા છે... ને ભવ્ય જીવો તેના ભાવને આત્મામાં કોતરીને પરમ આનંદને પામે છે. ]**

**卐 અહો! પરમાનંદની ભેટ દેનારા પરમાગમ જયવંત વર્તો. 卐**

* * *

## આત્મધર્મનું... ભેટપુસ્તક... વીતરાગવિજ્ઞાન ( ૩ )

છહઢાળા પ્રવચનોમાંથી ‘વીતરાગવિજ્ઞાન–ભાગ ત્રીજો’ છપાઈ ગયેલ છે. કિંમત એક રૂપિયો, પોસ્ટેજ ૩૦ પૈસા; આ પુસ્તકમાં સમ્યગ્દર્શનસંબંધી સુંદર વિવેચન છે, તે મુમુક્ષુને સમ્યક્ત્વનો પરમ મહિમા બતાવીને તેના પ્રયત્નમાં જાગૃત કરે છે. આત્મધર્મના ચાલુ વર્ષના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું છે. ( ભેટ પુસ્તક રૂબરૂમાં, અથવા પોસ્ટેજના ૩૦ પૈસા મોકલીને ગ્રાહકોએ મંગાવી લેવાનું હોય છે. ) ભેટ આપવાના પુસ્તકો હવે મર્યાદિત જ છે એટલે વૈશાખ સુદ બીજ સુધી જ ભેટ અપાશે; ત્યારપછી પુસ્તક ભેટ આપવાનું બંધ થશે. માટે ગ્રાહક ન હોય તેમણે ત્યાંસુધીમાં ગ્રાહક થઈ જવું ને પોતાનું ભેટપુસ્તક મેળવી લેવું. લવાજમ ચાર રૂપિયા છે.

આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# જ્ઞાનસ્વભાવી જીવ... તેની ત્રણ અવસ્થાઓ

## બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ

જ્ઞાનસ્વભાવી જીવની ત્રણ અવસ્થા સમજાવીને આચાર્યદેવ પરમાત્મા થવાની રીત બતાવે છે. કોઈને એમ થાય કે અરે! પરમાત્મા થવાની આવડી મોટી વાત અમને કેમ સમજાય? તો કહે છે કે હે ભાઈ! આત્માની દરકાર કરીને જે સમજવા માંગે તેને દરેકને સમજાય તેવી આ વાત છે. તારા સ્વરૂપમાં જે છે તે જ તને બતાવીએ છીએ. એનાથી વિશેષ કાંઈ નથી કહેતા. આત્માના હિત માટે જીવનમાં આ વાત લક્ષમાં લેવા જેવી છે.




નિશ્ચયથી બધા જીવો જ્ઞાનસ્વભાવી એકસરખા છે; અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર છે– (૧) બહિરાત્મા; (૨) અંતરાત્મા; (૩) પરમાત્મા. આ ત્રણ તો જીવની પર્યાયો છે; ને દ્રવ્યસ્વભાવથી બધા જીવો પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તે સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાંથી બહિરાત્મપણું ટળીને જીવ પોતે અંતરાત્મા અને પરમાત્મા થાય છે. પરમાત્મા થયેલા કોઈ જીવ ફરીને બહિરાત્મા ન થાય, પણ બહિરાત્મા જીવ સમ્યક્ત્વાદિ દ્વારા પરમાત્મા થઈ શકે છે. અહો, એકેક જીવમાં પરમાત્મા થવાની સ્વતંત્ર તાકાત, એ વાત જૈનશાસન જ બતાવે છે.

જગતમાં ભિન્નભિન્ન અનંતા જીવો છે; દરેક જીવનું લક્ષણ જ્ઞાનચેતના છે. અવસ્થામાં તે જીવો ત્રણ પ્રકારરૂપે પરિણમે છે, તેનું સ્વરૂપઃ–

## ❀ બહિરાત્માનું સ્વરૂપ ❀

પોતાનું અંતરંગ જ્ઞાનસ્વરૂપ ભૂલીને બહારમાં શરીર અને જીવને એક માનીને જે વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે; તે તત્ત્વમાં મૂઢ છે. એવા બહિરાત્મા જીવો અનંતા છે; જગતના જીવોનો મોટો ભાગ મિથ્યાદૃષ્ટિ–બહિરાત્મા છે. પણ બહિરાત્મપણું તે જીવનું ખરું સ્વરૂપ નથી, એટલે તેને છોડીને જીવ પોતે અંતરાત્મા તથા પરમાત્મા થઈ શકે છે.

## ❀ અંતરાત્માનું સ્વરૂપ ❀

દેહથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જે જાણે છે તે અંતરાત્મા છે. નરકમાં પણ જે સમ્યગ્દૃષ્ટિ છે તે અંતરાત્મા છે. દેડકું, હાથી, વાંદરો, સિંહ વગેરે તિર્યંચોમાં પણ જે જીવો દેહથી ભિન્ન આત્માને અંતરમાં અનુભવે છે તેઓ અંતરાત્મા છે. અંતરાત્મા અસંખ્યાતા છે. ચોથાથી બારમાગુણસ્થાન સુધીના જીવો અંતરાત્મા છે.

તેમાં જેઓ દ્વિવિધ પરિગ્રહથી રહિત છે–અંતરમાં મિથ્યાત્વાદિ મોહથી રહિત છે ને બહારમાં વસ્ત્રાદિથી રહિત છે, અને શુદ્ધોપયોગ વડે નિજસ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર છે એવા મુનિવરો તે ઉત્તમ અંતરાત્મા છે, એટલે કે સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવો ઉત્તમ અંતરાત્મા છે.

અંતરમાં આત્માના અનુભવ સહિત જેઓ દેશવ્રતી–શ્રાવક છે કે મહાવ્રતીમુનિ છે તેઓ મધ્યમ–અંતરાત્મા છે, એટલે કે પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ–અંતરાત્મા છે;

અને અવિરત–સમ્યગ્દૃષ્ટિ એટલે જેને વ્રતાદિક ન હોવા છતાં પણ અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધઆત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન થયું છે તે જીવો જઘન્ય અંતરાત્મા છે.

આ રીતે ઉત્તમ–મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારના અંતરાત્મા જાણવા. – ચોથાથી બારમાં ગુણસ્થાન સુધીના આ બધાય અંતરાત્મા જીવો આત્માને જાણનારા છે ને મોક્ષમાર્ગમાં ચાલનારા છે. બાર અંગને જાણનારા ગણધરભગવાન, અને એક નાનું સમ્યગ્દૃષ્ટિ દેડકું–એ બંને અંતરાત્મા છે, બંને ‘શિવમગચારી’ છે–મોક્ષમાર્ગી છે. જુઓ, ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિને પણ મોક્ષમાર્ગી કહ્યા છે. સમન્તભદ્રસ્વામીએ પણ કહ્યું છે કે– **‘गृहस्थो मोक्षमार्गस्थ...’** ( રત્નકરંડશ્રાવકાચાર )

## ❀ પરમાત્માનું સ્વરૂપ ❀

શુદ્ધાત્માના ધ્યાનરૂપ શુદ્ધોપયોગવડે ઘાતીકર્મોને દૂર કરીને, કેવળજ્ઞાનરૂપ પરમપદ જેમણે પ્રગટ કર્યું છે તેઓ પરમાત્મા છે, તેઓ લોકાલોકને પ્રત્યક્ષ જાણનારા છે. તે પરમાત્માના બે પ્રકાર છેઃ અરિહંત પરમાત્મા અને સિદ્ધ પરમાત્મા. અરિહંત પરમાત્મા શરીરસહિત હોવાથી તેમને સ–કલ પરમાત્મા કહેવાય છે; એવા લાખો અરિહંત ભગવંતો વિદેહક્ષેત્રમાં અત્યારે વિચરી રહ્યા છે, અને સદાય થયા કરે છે. સિદ્ધપરમાત્માને શરીર હોતું નથી તેથી તેમને નિ–કલ પરમાત્મા કહેવાય છે, તેઓ જ્ઞાનશરીરી છે, તેઓ આઠેકર્મથી રહિત છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાને બિરાજમાન જીવો અરિહંત પરમાત્મા છે; અને ગુણસ્થાનથી પાર, દેહાતીત સિદ્ધ ભગવંતો છે. સિદ્ધ–પરમાત્મા એટલે ચાર ગતિથી મુક્ત જીવ, તેઓ અનંતા છે. અરિહંત અને સિદ્ધપરમાત્મા આત્માના અનંત સુખને અનુભવે છે.

–આમ ત્રણ પ્રકારમાંથી બહિરાત્મપણાને હેયરૂપ જાણીને છોડવું; અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ પરમસ્વરૂપને ઓળખીને અંતરાત્મા થવું અને નિરંતર તેના જ ધ્યાનવડે પરમાત્મા થઈને નિત્ય અનંત આનંદનો અનુભવ કરવો. દરેક જીવમાં આવા પરમાત્મા થવાની તાકાત છે.

કોઈ કહે કે અમે ગામડામાં રહીએ, ધંધા–વેપાર–મજુરીમાં જીવન વીતાવીએ, ને આ પરમાત્મા થવાની આવડી મોટી વાત આપ સમજાવો છો! તે અમને કેમ સમજાય?

તો કહે છે કે–હે ભાઈ! તું ગામડામાં નથી રહ્યો, તું તો તારા અનંતગુણના મોટા વૈભવમાં રહ્યો છો. દુઃખથી છૂટવા માટે આત્માની દરકાર કરીને જે સમજવા માંગે તે દરેકને સમજાય તેવી આ વાત છે. તારા સ્વરૂપમાં જે છે તે જ તને બતાવીએ છીએ, એનાથી વિશેષ કાંઈ નથી કહેતા. બાપુ! જીવનમાં આ વાત લક્ષમાં લેવા જેવી છે, બાકી તો બધું થોથાં છે, તેમાં આત્માનું કાંઈ હિત નથી. પૈસા કમાવા ખાતર મજુરીમાં જીવન વીતાવે છે પણ એ કરોડો રૂપિયામાં કે બંગલા–મોટરમાં ક્યાંય સુખનો છાંટોય નથી, અરે! સ્વર્ગમાંય સુખ નથી ત્યાં મનુષ્યલોકના વૈભવની શી વાત? સુખ તો આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ છે, બાકી બહારનાં કોઈ પણ પદાર્થના લક્ષે તો આકુળતા ને દુઃખ જ છે.

ભાઈ! વિચાર તો કર કે– રૂપિયા, મકાન, મોટર વગેરે પદાર્થો તો જીવતત્ત્વ છે? –કે અજીવ? એ તો અજીવ છે. તો શું અજીવમાં કદી સુખ હોય? ના; એનામાં સુખ કદી છે જ નહિ, તો તે તને ક્યાંથી સુખ આપે? માટે અજીવમાં–પરમાં સુખબુદ્ધિ છોડ.

હવે તે અજીવ તરફના વલણનો તારો ભાવ, (–પછી તે અશુભ હો કે શુભ) તેમાં પણ આકુળતા ને દુઃખ જ છે, તેમાં કાંઈ ચૈતન્યના આનંદનું વેદન તો નથી. – માટે તે પરલક્ષી શુભાશુભભાવોમાંય સુખબુદ્ધિ છોડી દે.

સુખથી ભરેલો તારો આત્મસ્વભાવ, તેમાં ઉપયોગ જોડતાં જ સ્વલક્ષે પરમઆનંદ અનુભવાય છે.


જુઓ, સાતતત્ત્વને જાણવામાં આ વાત આવી જાય છે. –

* જ્ઞાન ને આનંદ જેમાં છે તે જીવતત્ત્વ;
* તેની સન્મુખતાથી આનંદ અનુભવાય–તેમાં સંવર–નિર્જરા–મોક્ષ આવ્યા.
* જ્ઞાન ને સુખ જેમાં નથી તે અજીવતત્ત્વ;
* તેની સન્મુખતાથી આકુળતા અનુભવાય છે–તેમાં પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ આવી ગયા.

આ રીતે તત્ત્વોનું પૃથક્કરણ કરીને સમજે તો મોક્ષમાર્ગનો સાચો નિર્ણય થયા વગર રહે નહીં. જીવતત્ત્વ કેવું છે તેની આ વાત ચાલે છે. વિદેહક્ષેત્રોમાં દેહસહિત અરિહંતભગવંતો સદાય બિરાજે છે, અહીં ભરતક્ષેત્રમાં પણ અઢીહજાર વર્ષ પહેલાં અરિહંત ભગવાન સાક્ષાત્ વિચરતા હતા, તે ભગવંતોએ જીવાદિ તત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું તેવું જ્ઞાનીસંતોએ ઝીલ્યું, જાતે અનુભવ્યું અને શાસ્ત્રમાં કહ્યું; તે જ અહીં કહેવાય છે. આચાર્યદેવે કહ્યું છે કે 'જીવાદિ નવતત્ત્વોને ભૂતાર્થથી જાણવા તે સમ્યગ્દર્શન છે' ત્યાં ભૂતાર્થદ્રષ્ટિ કરતાં જ તેમાં શુદ્ધઆત્માની પ્રતીત આવી, ને નવતત્ત્વના વિકલ્પ છૂટી ગયા. શુદ્ધદ્રષ્ટિમાં નવ ભેદ નથી, તેમાં તો એકલો શુદ્ધાત્મ ભગવાન જ આનંદસહિત પ્રકાશમાન છે; ને આવા આત્માની દ્રષ્ટિપૂર્વક નવતત્ત્વની પ્રતીતનું આ વર્ણન છે. એકલા નવતત્ત્વ ગોખ્યા કરે ને તેના વિકલ્પને અનુભવ્યા કરે પણ જો શુદ્ધઆત્માને દ્રષ્ટિમાં ન લ્યે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, તે તો બહિરાત્મા જ રહે છે. અહીં તો અંતરાત્મા થયેલો જીવ, વિકલ્પોથી છૂટો પડીને નવતત્ત્વને જેમ છે તેમ જાણે છે,

તેની વાત છે. તેને શુદ્ધાત્મામાં જ સ્વામીત્વબુદ્ધિ વર્તે છે. નિશ્ચયશ્રદ્ધાના વિષયમાં નવ ભેદ ન આવે, તેમાં તો એકલા નિજરૂપની જ શ્રદ્ધા છે. જેમ રાજાની સાથેના બીજા માણસોને દેખીને તેમને પણ 'આ રાજા આવ્યો' એમ ઉપચારથી કહેવાય છે; ખરેખરો રાજા તો તે નથી, જુદો છે, તેમ શુદ્ધઆત્માની દ્રષ્ટિરૂપ નિશ્ચય સમ્યક્ત્વ તે તો મોક્ષમાર્ગમાં રાજા સમાન છે; પણ તેની સાથે નવતત્ત્વની પ્રતીતને દેખીને તેને પણ 'આ સમ્યગ્દર્શન છે' એમ ઉપચારથી કહેવાય છે, ખરેખરું સમ્યગ્દર્શન તો તે નથી, જુદું છે. પણ તેની સાથે નવતત્ત્વની શ્રદ્ધા વગેરેના જે વિકલ્પો હોય છે તે વ્યવહારમાં બતાવ્યા તેવા જ હોય છે, એનાથી વિરુધ્ધ હોતા નથી. વ્યવહારમાં પણ સર્વજ્ઞભગવાને જે તત્ત્વો બતાવ્યા છે તેનાથી વિરુધ્ધ માન્યતા ધર્મીને હોય નહીં. અહો, આ તો નિશ્ચય –વ્યવહારની સંધિવાળો અલૌકિક જિનમાર્ગ છે, –વીતરાગભગવંતો જે માર્ગે ચાલ્યા તે માર્ગે જવાની આ વાત છે. એની શરૂઆત વીતરાગદ્રષ્ટિ વડે થાય છે, રાગ વડે તેની શરૂઆત થતી નથી.

જેણે પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ઝીલ્યો છે, અનુભૂતિવડે અંતરમાં પોતાના પરમાત્મસ્વરૂપને અનુભવ્યું છે તે અંતરાત્મા મોક્ષમાર્ગમાં ચાલનારા છે; તે પોતાની પર્યાયને પણ જાણે છે. પહેલાં અજ્ઞાનદશામાં બહિરાત્મપણું હતું, ત્યારે હું એકાંત દુઃખી હતો; તે દશા ટળીને હવે અંતરાત્મપણું થયું છે ને આત્માનું સાચું સુખ અંશે અનુભવમાં આવ્યું છે; હવે શુદ્ધ આત્માના જ ધ્યાન વડે પૂર્ણ સુખરૂપ પરમાત્મદશા અલ્પકાળમાં થશે. આ રીતે બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મનું સ્વરૂપ ઓળખવું.




ત્રિવિધ આતમા જાણીને, તજ બહિરાતમભાવ;
થઈ તું અંતરઆતમા, ધ્યા પરમાત્મસ્વભાવ.

ॐ नम: सिद्धेभ्य:

# સંવર એટલે આનંદ... સંવર એટલે મોક્ષમાર્ગ... સંવરના કારણરૂપ ભેદજ્ઞાન અભિનંદનીય છે

જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને, ઉપયોગ રાગાદિથી જુદો પડતાં ભેદવિજ્ઞાનરૂપ જે અપૂર્વ સંવરદશા પ્રગટી તે મહા આનંદમય છે; મોક્ષના કારણરૂપ હોવાથી તે અભિનંદનીય છે, પ્રશંસનીય છે. ચૈતન્યના આનંદના અપાર વિલાસસહિત સમ્યગ્દર્શન થયું તેમાં સમસ્ત શુભાશુભ રાગથી અત્યંત જુદો શુદ્ધઉપયોગ સ્વરૂપ આત્મા આનંદસહિત પ્રગટયો, એટલે અનાદિનો આસ્રવ છૂટયો ને અપૂર્વ સંવરદશા શરૂ થઈ.

સંવરમાં આનંદ છે. આસ્રવો આત્માને દુઃખરૂપ હતા, ને ભેદજ્ઞાનરૂપ સંવર આત્માને અપૂર્વ શાંતિનું વેદન કરાવે છે. –તેથી તે મંગળ છે.

જ્યાં સુધી આત્મા ભેદજ્ઞાન વડે જાગ્યો ન હતો ને અજ્ઞાનથી પોતાને રાગાદિરૂપ અનુભવતો હતો ત્યાંસુધી આસ્રવનું જોર હતું; તે આસ્રવ આખા જગતના અજ્ઞાની જીવોને જીતી લેવાથી ગર્વિત હતો; પણ હવે જ્યાં ભેદજ્ઞાન વડે ભગવાન આત્મા જાગ્યો અને રાગાદિથી ભિન્ન અત્યંત આનંદમય સંવરભાવ પ્રવટયો, તે સંવરરૂપી યોદ્ધો આસ્રવને જીતી લ્યે છે. સંવર એવો જોરાવર છે કે રાગાદિ આસ્રવના કોઈ કણને પણ પોતામાં રહેવા દેતો નથી. આવી મહિમાવંત પ્રશંસનીય સંવરદશા કેમ પ્રગટે તેનું અદ્ભુતસ્વરૂપ આચાર્યદેવે આ સંવર–અધિકારમાં સમજાવ્યું છે.

**ભેદજ્ઞાનના અદ્ભુત અચિંત્ય રહસ્યો અહીં ખુલ્લા કરીને સમજાવ્યા છે.. જે સમજતાં મુમુક્ષુનો આત્મા ખીલી ઊઠે છે.**

ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી, કારણકે બંનેના પ્રદેશો જુદા હોવાથી તેમને એકપણું નથી; તેથી તેમને આધાર–આધેયપણું પણ નથી. – જુઓ, સંવર માટે આ ભેદજ્ઞાન કરાવે છે. જેમ જડ અને ચેતનને એકપણું નથી, જડ તે ચેતન નથી, ચેતન તે જડ નથી, એમ તે બંનેને અત્યંત જુદાપણું છે; તેમ ક્રોધાદિને અને ઉપયોગને

એકપણું નથી; ક્રોધ તે જ્ઞાન નથી, જ્ઞાન તે ક્રોધ નથી, એમ તે બંનેને અત્યંત જુદાપણું છે. આ રીતે ઉપયોગસ્વરૂપ આત્માનું સર્વે પરભાવોથી ભિન્નપણું છે. આત્માને પોતાના ઉપયોગ સાથે એકતા છે, રાગાદિ સાથે તેને એકતા નથી. રાગાદિમાં ખરેખર આત્મા નથી, ઉપયોગમાં જ આત્મા છે. –આવું ભેદજ્ઞાન કરે ત્યારે જીવ સર્વે રાગાદિથી ભિન્ન શુદ્ધઉપયોગરૂપે જ રહે છે, અને તેને જ સંવર થતાં નવા કર્મોનું આવવું અટકે છે. –આનું નામ ધર્મ છે, ને આ મોક્ષનો ઉપાય છે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવો દુઃખરૂપ છે; તેમને ભિન્ન જાતિપણું છે એટલે એકપણું નથી. જ્ઞાન–આનંદદશાને અને ક્રોધ–રાગાદિદશાને એકપણું નથી, એકબીજાના આધારે તેમની ઉત્પત્તિ નથી, અસંખ્યપ્રદેશી ચૈતન્યઘન આત્મા જ્યારે પોતાને ઉપયોગ સ્વરૂપે અનુભવે છે ત્યારે રાગાદિ કોઈ પરભાવો તેને પોતામાં દેખાતા નથી, ઉપયોગસ્વરૂપ આત્મા એક જ પોતે–પોતામાં દેખાય છે, માટે રાગાદિભાવો તેનાથી બહાર છે. તે રાગાદિભાવોની રચના જ્ઞાનવડે થતી નથી.

ઉપયોગરૂપ નિર્મળપર્યાય તેમાં આત્મા છે, પણ રાગમાં આત્મા નથી; રાગના આધારે આત્મા જણાતો નથી, ને આત્માના આધારે રાગ ઉત્પન્ન થતો નથી. ઉપયોગ અને રાગ બંનેની જાત તદ્દન જુદી છે. આનંદમય ચૈતન્યસ્વાદમાં આત્મા જણાય છે. અરે, આત્માના આ આનંદમાં દુઃખ કેવું ? –રાગ કેવો ? રાગ તો દુઃખ છે, જ્ઞાનમાં તે સમાય નહીં.

ઉપયોગ એટલે રાગથી ભિન્ન પડીને અંતર્મુખ વળેલી પરિણતિ, તેમાં આત્માની અનુભૂતિ છે, તેમાં ક્રોધાદિનો અનુભવ નથી. અને ક્રોધાદિના અનુભવરૂપ ક્રિયામાં જ્ઞાનનો અનુભવ નથી. અંતર્મુખ ઉપયોગમાં શાંતિનું વેદન છે, તે ઉપયોગમાં આત્મા અભેદ છે, તેના આધારે આત્મા છે, ને તે આત્માને પ્રસિદ્ધ કરે છે, રાગાદિ ભાવોનું તેમાં સ્થાન નથી –વેદન નથી. અને તે રાગાદિભાવોમાં ઉપયોગસ્વરૂપ ભગવાન આત્મા રહેતો નથી. સ્વાનુભવક્રિયાથી આત્મા સિદ્ધ થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, જાણવાની ક્રિયામાં (ઉપયોગમાં) રહે છે, તેથી ઉપયોગ પર્યાય તે આધાર છે ને ઉપયોગસ્વરૂપ આત્મા ત આધેય છે, –એમ બંને અભેદ છે. ખરેખર ઉપયોગથી જુદો બીજો કોઈ તેનો આધાર નથી... એટલે પોતાના ઉપયોગથી ભિન્ન બીજા કોઈ ભાવો સાથે આત્માને એકતા નથી, પણ અત્યંત ભિન્નતા છે. અહો, આવું અપૂર્વ ભેદજ્ઞાન ભગવાનના માર્ગમાં જ છે. આત્માને આનંદિત કરતું આવું ભેદજ્ઞાન પ્રગટે છે.

## અહો, અલૌકિક વીતરાગમાર્ગ !

અહો, દર્શનશુદ્ધિ માટે વીતરાગનો માર્ગ અલૌકિક છે. વીતરાગમાર્ગ રાગથી ભિન્ન ચૈતન્યસ્વાદ ચખાડે છે. ચૈતન્યની શાંતિના સ્વાદમાં રાગાદિ ભાવનો અંશ પણ સમાય નહીં. નાનામાં નાના રાગના કણનો પણ જેને પ્રેમ છે, –તે રાગમાં જેને શાંતિ લાગે છે, તે જીવ વીતરાગ ભગવાનના માર્ગ ઉપર ક્રોધ કરે છે; કેમકે રાગ જેને ગમ્યો તેને વીતરાગમાર્ગ કેમ ગમશે ? વીતરાગમાર્ગનો અણગમો એ જ અનંતો ક્રોધ છે.

વીતરાગ ચૈતન્યભાવમાં રાગનો કોઈ અંશ સમાય નહીં. ચૈતન્યસ્વરૂપ આત્માની ક્રિયાઓ પણ ચૈતન્યભાવરૂપ જ હોય, ચૈતન્યની ક્રિયા રાગરૂપ ન હોય. રાગની ક્રિયામાં ચૈતન્યની પ્રાપ્તિ કદી ન થાય. આ રીતે ચૈતન્યને અને રાગને સર્વ પ્રકારે ભિન્નતા છે. રાગથી ભિન્ન આવી ચૈતન્યક્રિયા જેણે કરી તે જીવ સુકૃત ( સમ્યગ્દર્શનાદિ ઉત્તમકાર્ય ) કરનારો સુકૃતી છે. જ્ઞાન અને રાગની ભિન્નતાનું કાર્ય, એટલે કે ભેદજ્ઞાનરૂપ ઉત્તમકાર્ય તેણે કરી લીધું, તે જીવ જ્ઞપ્તિક્રિયાનો કર્તા છે, તેની જ્ઞપ્તિક્રિયામાં આત્મા અનુભવાય છે, તેની જ્ઞપ્તિક્રિયામાં રાગાદિ કોઈ પરભાવો અનુભવાતા નથી.

ચૈતન્યને અને રાગને કાંઈ મેળ નથી–એકતા નથી પણ વચ્ચે સાંધો છે એટલે કે જુદાઈ છે. જેમ પથ્થરની સાંધ વચ્ચે સુરંગ ફોડતાં બે કટકા જુદા થઈ જાય છે, તેમ જ્ઞાન અને રાગની સાંધ વચ્ચે ભેદજ્ઞાનરૂપી વીજળી પડતાં બંને તદ્દન જુદા અનુભવાય છે. ચૈતન્યની શાંતિના અનુભવમાં તે એકમેક થતાં નથી, કેમકે તેની જાત જુદી છે, તેના અંશો જુદા છે, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં વસનારો આત્મા રાગની આકુળતામાં કેમ આવે ? જ્યાં આત્માને સાચા સ્વરૂપે જાણ્યો ત્યાં અંદર અતીન્દ્રિય સ્વાદ આવ્યો, તે સ્વાદરૂપે આત્મા જણાય છે; રાગના વેદનમાં આત્માનો સ્વાદ નથી, ને તે સ્વાદથી આત્મા જણાતો નથી.

## સ્વભાવનો ટચ એ જ સાચી હા

અહો, આવા આત્માની અપૂર્વ વાત... તે સાંભળતાં અંદર સ્વભાવનો ‘ટચ’ થઈ જાય– તો જ ખરું સાંભળ્યું કહેવાય. સ્વભાવનો ટચ એ જ ખરી

‘હા’ છે. તેથી આચાર્યદેવે કહ્યું છે કે આ એકત્વસ્વભાવની વાતને તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે.

## 卐 ચૈતન્યના સાચા શ્રોતાને આનંદના તરંગ ઊઠે છે 卐

ભગવાન અને સંતો કહે છે કે હે ભાઈ! તું પણ અમારી હરોળનો છો, અમારી જાતનો તું છો; અમારા તરફના લક્ષે કે વાણીના શ્રવણના લક્ષે જે વિકલ્પ થાય તેના વડે જણાય એવું તારું સ્વરૂપ નથી; અંતરના નિર્વિકલ્પ જ્ઞાનવડે જણાય એવું તારું સ્વરૂપ છે. અરે, તારું વિકલ્પાતીત સ્વરૂપ છે તે તો જ્ઞાનગમ્ય થાય તેવું છે, તે વિકલ્પગમ્ય થતું નથી. આવી વીતરાગી વાણી સાંભળનાર શિષ્ય એવો છે કે જે શ્રવણના વિકલ્પની મુખ્યતા નથી કરતો પણ અંતરના જ્ઞાનની મુખ્યતા કરે છે, તેથી તેને આત્મામાંથી આનંદના તરંગ ઊઠે છે. તે શબ્દ ઉપર કે ભેદના વિકલ્પ ઉપર જોર કરીને નથી અટકતો પણ એનાથી આઘો ખસી, અંદર ઊતરી, ભાવ–શ્રુતજ્ઞાનવડે વસ્તુસ્વરૂપને પકડતાં તેને આનંદના તરંગ સહિત સમ્યગ્દર્શનાદિ થાય છે ને મોહનો નાશ થાય છે. –એ વાત પ્રવચનસાર ગા. ૮૬ માં કહી છે; તેમ જ આત્મઅવલોકનમાં પણ કહી છે. જેને અનુભવ થયો હોય તેને આનંદની વૃદ્ધિ થતી જાય છે, અને જેને ન થયો હોય તેને નવો આનંદ પ્રગટે છે. –આ રીતે જિનવાણી તે ભવ્ય જીવોને આનંદની જ દાતાર છે.

## 卐 સિદ્ધની જેમ સિદ્ધપદનો સાધક પણ વિજયવંત છે 卐

અહો! ચૈતન્યવસ્તુ કેવી મહિમાવંત છે! ... શબ્દોથી કે વિકલ્પોથી તે વસ્તુનો પાર પમાતો નથી, અંતર્મુખ જ્ઞાનવડે જ તે વસ્તુનો પાર પમાય છે; અને તે જ્ઞાન પ્રગટતાં સાથે અતીન્દ્રિય આનંદનું વેદન લેતું પ્રગટે છે... સિદ્ધ ભગવાન સાથે તેની સંધિ થાય છે. જુઓ, જગતમાં સિદ્ધજીવો થોડા, ને સંસારી–મિથ્યાદ્રષ્ટિ જીવો તેનાથી અનંતગુણા, છતાં ભાવમાં સિદ્ધભગવંતોના જ્ઞાન–આનંદનું એવું જોર છે કે અનંતા સિદ્ધોમાંથી અનંતકાળે પણ એક્કેય સિદ્ધજીવ પાછો સંસારમાં આવતો નથી; સંસારમાંથી છૂટી–છૂટીને સિદ્ધ થનારા જીવોની ધારા ચાલી જાય છે. આ રીતે સદા સંસારી જીવો ઓછા થતા જાય છે ને સિદ્ધજીવો વધતા જાય છે. –એટલે સિદ્ધ ભગવંતો સદા

વિજયવંત છે; તેમ જ તે સિદ્ધપદને સાધનારા સાધક જીવો પણ વિજયવંત છે. સિદ્ધ પ્રભુ ભલે નીચે ન આવે પણ સાધક જીવ પોતાની ઉન્નતિ કરીને સિદ્ધલોકમાં પહોંચી જાય છે.

## 卐 એકલું જ્ઞાન... તેમાં બીજાની ભેળસેળ નથી 卐

જેમ અનંતાનંત આકાશને રહેવા માટે આકાશથી જુદો બીજો કોઈ આધાર નથી, મહાન આકાશ અન્ય દ્રવ્યની અપેક્ષા વગર પોતે પોતામાં જ રહેલું છે. તેમ અનંત ચૈતન્યભાવોથી ભરેલો જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેને એક ચૈતન્યસ્વરૂપે જ લક્ષમાં લઈને અનુભવ કરતાં જ્ઞાનથી જુદા બીજા કોઈ રાગાદિ ભાવોમાં તેને સ્થાપી શકાતો નથી; એકલા અચિંત્ય જ્ઞાનસ્વરૂપ આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં રાગાદિભાવો સાથે તેની જરાય એકતા દેખાતી નથી. એકલું જ્ઞાન જ જ્ઞાનસ્વરૂપે પોતે પોતાને અનુભવમાં આવતાં સાથે વીતરાગી આનંદ થાય છે. આ રીતે આનંદ સહિત ભેદજ્ઞાન પ્રગટે છે. તે સંવરનું પરમ કારણ છે. આવું ચૈતન્ય અને રાગનું અત્યંત સ્પષ્ટ ભેદજ્ઞાન કરીને હે સત્પુરુષો ! તમે આનંદિત થાઓ.

રાગથી જુદા એકલા ચૈતન્યભાવમાં જ આત્માને સ્થાપી શકાય છે, એટલે અનુભવી શકાય છે, પણ રાગાદિ કોઈ ભાવોમાં ઉપયોગસ્વરૂપ આત્માને સ્થાપી શકાતો નથી, એટલે રાગ વડે આત્મા અનુભવી શકાતો નથી. જેમ આકાશથી જુદા બીજા કોઈ આધારમાં આકાશને સ્થાપી શકાતું નથી, આકાશથી મોટો એવો કોઈ પદાર્થ જ નથી કે જે આકાશનો આધાર થઈ શકે. તેમ જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાનથી જુદા બીજા કોઈ ભાવમાં સ્થાપી શકાતો નથી; જ્ઞાનથી જુદા રાગાદિ કોઈ ભાવો એવા નથી કે જે જ્ઞાનનો આધાર થઈ શકે. – આ રીતે જ્ઞાનને રાગાદિ સર્વ ભાવોથી અત્યંત ભિન્ન અનુભવમાં લેતાં પરમ આનંદ સહિત ભેદજ્ઞાન થાય છે. આવું ભેદજ્ઞાન તે સંવર છે, તે મોક્ષનો ઉપાય છે, અને તેથી તે અભિનંદવા જેવું છે.

## 卐 ધન્ય તે શ્રોતા... કે જે આત્માને ‘ટચ’ કરે છે 卐

આત્મસન્મુખ જે ઉપયોગપરિણતિ થઈ તેમાં આત્મા અભેદ અનુભવાય છે – એટલે તેના જ આધારે આત્મા છે–એમ કહ્યું. –જોકે અનુભૂતિમાં તો આધાર–આધેયનો

ભેદ પણ રહેતો નથી. અહો, આવી અનુભૂતિ આચાર્યદેવે સમયસારમાં આત્માના વૈભવથી દેખાડી છે. તેનું શ્રવણ કરનાર જીવો પણ એવા લીધા છે કે જેઓ અંદરમાં આત્માને 'ટચ' કરીને, એટલે કે તેના વાચ્યને લક્ષમાં લઈને સ્વાનુભવ કરે છે; શ્રવણકાળે વિકલ્પ છે પણ તે વિકલ્પ ઉપર તેમનું વજન નથી, વજન તો અંદરના વાચ્યરૂપ શુદ્ધઆત્મા તરફ જ છે.

અહો, જિનવાણીનું શ્રવણ તો વીતરાગતાનું કારણ છે, –તે ખરેખર રાગનું કારણ નથી; કેમકે રાગમાં અટકવાનું જિનવાણીમાતા નથી કહેતા, જિનવાણીમાતા તો રાગથી અત્યંત ભિન્નતા બતાવીને ચૈતન્યસ્વભાવમાં સન્મુખતા કરાવે છે. –એવું લક્ષ જેણે કર્યું તેણે જ ખરેખર જિનવાણી સાંભળી કહેવાય. જિનવાણીમાં વીતરાગી સંતોએ જેવો આત્મસ્વભાવ કહ્યો તેવો જ જ્ઞાનવડે (વિકલ્પ વડે નહિ, પણ જ્ઞાનવડે જ) લક્ષમાં લઈને જ્યાં ઉપયોગ અંતરમાં ઝુક્યો ત્યાં તે નિર્વિકલ્પ–ઉપયોગમાં આત્મા અભેદપણે અનુભવાયો, એટલે તેના આધારે આત્મા છે, –તે જ આત્મા છે. આવો અનુભવ તે જ જિનવાણીના શ્રવણનું સાચું ફળ છે.

## 卐 જ્ઞાનની અનુભૂતિ વડે ભેદજ્ઞાન થાય છે... રાગવડે નહીં 卐

આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજાત વસ્તુ છે; એની જાતથી જ જાત જણાય છે; કજાતથી જાત જણાતી નથી; એટલે કે જ્ઞાનસ્વરૂપ રાગવડે અનુભવાતું નથી, જ્ઞાનથી જ જ્ઞાનસ્વરૂપ અનુભવાય છે. જ્ઞાનસ્વરૂપમાં રાગ તે તો કજાત છે; રાગ વગરનું (રાગથી છુટું) જ્ઞાન તે જ જ્ઞાનની જાત છે.. તે જ્ઞાન અભેદ થઈને પોતે પોતાને જ્ઞાનસ્વરૂપે અનુભવે છે. આ રીતે આત્મા પોતે પોતાના સ્વભાવથી જણાય એવો સ્વાનુભવ–પ્રત્યક્ષ છે (स्वानुभूत्या चकासते...) પરિણતિ એકદમ ગુલાંટ ખાઈને, પરાલંબન છોડીને અંતરમાં વળી જાય છે ત્યાં આત્મા સાક્ષાત્ અનુભવાય છે. અહો! આવી નિર્વિકલ્પ–ચેતનપરિણતિ થઈ ત્યારે અતીન્દ્રિય મહા આનંદસહિત ચોથું ગુણસ્થાન પ્રગટયું; ભગવાન આત્મા સ્વપર્યાયમાં પ્રગટયો. શૂરવીર ભગવાન આત્મા, પોતાની નિર્વિકલ્પ જ્ઞાનપરિણતિ સિવાય બીજી કોઈ રીતે જાણવામાં આવે નહીં; રાગ પરિણતિને આધીન તે કદી થાય નહીં.

અહો, અલૌકિક ભેદજ્ઞાન કરાવ્યું છે. એકકોર એકલો જ્ઞાનસ્વરૂપ આત્મા –પોતાની જ્ઞાનપરિણતિમાં અભેદ વર્તતો બિરાજે છે, ને બીજી કોર રાગાદિભાવો–કર્મો –નોકર્મો વગેરે સમસ્ત પદાર્થો જ્ઞાનથી અત્યંત જુદા છે. આ રીતે ઉપયોગસ્વરૂપ આત્મા ઉપયોગમાં જ છે, તે રાગાદિમાં નથી; ને રાગાદિ ભાવો રાગાદિમાં જ છે, તે કોઈ ભાવો ચૈતન્યસ્વરૂપ ઉપયોગમાં નથી. –આમ જ્ઞાન અને રાગનું અત્યંત જુદાપણું ભલી રીતે સિદ્ધ થયું, શંકા વગર સર્વ પ્રકારે ભેદજ્ઞાન સિદ્ધ થયું. જ્ઞાનનો કોઈ કણિયો રાગમાં નહિ, રાગનો કોઈ કણિયો જ્ઞાનમાં નહિ; જ્ઞાન સદાય જ્ઞાનરૂપ જ છે, રાગ સદા રાગરૂપ જ છે. –આવું ભેદજ્ઞાનનું વેદન જેણે કર્યું એવો જ્ઞાની જીવ પોતાના જ્ઞાનમાં રાગાદિ ભાવોને કણિકા માત્ર પણ રચતો નથી, જ્ઞાનને રાગાદિથી સર્વથા જુદું જ અનુભવે છે; રાગના કાળે પણ રાગથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપપણે પોતાનું વેદન તેને ખસતું નથી, ને રાગના કોઈ અંશને પોતાના ચૈતન્યભાવ સાથે તે કદી ભેળવતા નથી. આવું ભેદજ્ઞાન અપૂર્વ આનંદદાયક છે.

## 卐 આનંદમય ભેદજ્ઞાન જયવંત વર્તે છે 卐

અરે, સમ્યગ્દર્શન ને ભેદજ્ઞાન શું ચીજ છે, –ને એનું અંતરનું વેદન કેવું છે તેની જગતને ખબર નથી. બાપુ! ચૈતન્યસ્વરૂપ તારો આત્મા, એ તે કાંઈ શુભરાગના વેદનમાં આવી જાય એવો છે? શું શુભરાગ જેટલી જ ચૈતન્યપ્રભુની કિંમત છે? શુભરાગથી આત્માનો અનુભવ થવાનું જે માને છે તે તો રાગમાં આત્માને વેચી દે છે, –રાગરૂપે જ આત્માને માને છે, રાગથી જુદો કોઈ આત્મા તેના લક્ષમાં આવ્યો નથી. અહીં તો સર્વે રાગથી અત્યંત ભિન્ન એકલું ચૈતન્યસ્વરૂપ બતાવીને કહે છે કે આવો આત્મા જ્ઞાન વડે જ અનુભવમાં આવે છે, તે અનુભવમાં રાગનો કોઈ અંશ નથી. આવો અનુભવ કરીને હે સત્પુરુષો! તમે પ્રમોદિત થાઓ... આનંદિત થાઓ... અંતરમાં સાચું ભેદજ્ઞાન કરતાં જ અતીન્દ્રિય આનંદ વેદાય છે, ને તે આનંદને વેદતો–વેદતો ધર્મીજીવ સિદ્ધપદને સાધે છે.

–આવું આનંદમય ભેદજ્ઞાન જયવંત વર્તે છે.

# સત્પુરુષો ભેદજ્ઞાન વડે આનંદનું વેદન કરો

## ( સંવર-અધિકાર પ્રવચનોમાંથી )

ભેદજ્ઞાનનું કોઈ અચિંત્ય અપાર સામર્થ્ય છે. ચૈતન્યના આનંદરસમાં તરબોળ થતું ભેદજ્ઞાન પ્રગટે છે, તે જ્ઞાનધારામાં પરમ શાંતરસનું વેદન છે... વીતરાગ–રસના અખંડ વહેણ તેમાં વહે છે. અરે જીવ! એકવાર કોઈપણ રીતે, પરમ પરાક્રમ કરીને આત્માને શુદ્ધપણે અનુભવમાં લઈને આવી અપૂર્વ જ્ઞાનધારા પ્રગટાવ. પરમ પુરુષાર્થ વડે અંદર ઊતરીને રાગ સાથે એકતાની અજ્ઞાનધારાને તોડ અને જ્ઞાનધારા વડે ચૈતન્યની શુદ્ધતારૂપ આનંદનું વેદન કર...

ચૈતન્યભાવરૂપ આત્મા અને ચૈતન્યભાવરહિત રાગાદિ–એ બંનેની અત્યંત ભિન્નતા જાણીને, ભેદજ્ઞાન વડે અંતર્મુખ પરિણતિ કરીને, જેણે દારુણ–પરાક્રમ વડે પોતાના ઉપયોગને રાગથી અત્યંત જુદો અનુભવ્યો છે તે સત્પુરુષો નિર્મળ ભેદજ્ઞાનજ્યોતિ વડે અત્યંત આનંદિત થાય છે. અજ્ઞાનમાં રાગ અને ઉપયોગ એકમેક લાગતા હતા, પણ ખરેખર તેઓ એક ન હતા, લક્ષણભેદથી તદ્દન જુદા હતા; તે જુદાપણું ઓળખીને ધર્મી જીવે ભેદજ્ઞાન પ્રગટ કર્યું. તે જાણે છે કે મારી અંદર ઉપયોગસ્વરૂપે જે અનુભવાય છે તે જ હું છું; ઉપયોગથી ભિન્ન રાગાદિ જે કોઈ ભાવો છે તે અચેતન છે, તે હું નથી. –આમ બંનેને સર્વથા ભિન્ન અનુભવે છે.

અહો, ચૈતન્યનો આનંદરસ! તેમાં રાગનો રસ કેમ સમાય? ચૈતન્યરસ તો પરમ શાંત છે; ને રાગ તો અશાંતિ છે, –ભલે રાગ શુભ હો, પણ રાગમાં તો અશાંતિ જ છે. ધર્મી જીવને તે રાગાદિ વખતે અંદર સમ્યક્ત્વાદિને લીધે આત્માની શાંતિનું વેદન વર્તતું હોય છે; પરંતુ તેનેય જે રાગ છે તે તો અશાંતિ જ છે, તે કાંઈ શાંતિ નથી, કે તે શાંતિનું કારણ પણ નથી. રાગમાં આનંદ નથી; રાગથી અત્યંત ભિન્ન ચૈતન્યના વેદનમાં શાંતિ છે–આનંદ છે, હે સત્પુરુષો! ભેદજ્ઞાન વડે તમે આત્માના આનંદને અનુભવો. જ્યાં રાગ વગરના શુદ્ધ ઉપયોગને અનુભવમાં લીધો ત્યાં મહાન આનંદ થાય છે... ઉપયોગ પોતે પોતામાં થંભીને એવો ઠરી જાય છે કે અનંત

ગુણના એકરસની કોઈ પરમ અચિંત્ય શાંતિ વેદાય છે. આચાર્યદેવ કહે છે કે અહો જીવો! આવા આનંદનું વેદન કરો. અમે તો સતત આવા આનંદને વેદીએ છીએ ને તમે પણ ભેદજ્ઞાન કરીને આવા આનંદને અનુભવો. અરે, ચૈતન્ય સિવાય બીજે ક્યાંય આનંદની ગંધ પણ નથી. અંદર ભગવાન આત્માને દેખીને એકવાર તો તું આનંદિત થા... રાજી થા! રાગને વેદી–વેદીને દુઃખમાં તો તેં અનંતો કાળ ગાળ્યો, હવે રાગ વગરનું આવું સરસ–મજાનું આનંદમય ચૈતન્યતત્ત્વ અમે તને બતાવ્યું –તે અનુભવમાં લઈને રાજી થા... પ્રસન્ન થા... આનંદિત થા.

વાહ રે વાહ! આવો આનંદમય મારો આત્મા સંતોએ મને બતાવ્યો. ભેદજ્ઞાન વડે હવે મારા આત્માને હું જ્ઞાનરૂપ જ દેખું છું; મારું જ્ઞાન અણુમાત્ર પણ રાગાદિ સાથે ભળતું નથી, છૂટું ને છૂટું રહે છે. જ્ઞાનથી વિપરીત એવા રાગાદિ ભાવોનો કોઈ અંશ મને મારા ચૈતન્યપણે ભાસતો નથી. આ રીતે જ્ઞાન જ્ઞાનરૂપે જ રહેતું થકું, અને રાગ–દ્વેષ –મોહરૂપે જરાય નહિ થતું થકું, શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે–અનુભવે છે; એટલે તેને રાગ–દ્વેષ–મોહના અભાવરૂપ સંવરધર્મ થાય છે. શુદ્ધોપયોગપૂર્વક આવી આનંદમય સંવરદશા–સમ્યગ્દર્શન ને ભેદજ્ઞાન થાય છે, તે અભિનંદનીય છે, તે પ્રશંસનીય છે.

**અહો, વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે;**
**એમાં રાગનો કોઈ કણિયો સમાય નહીં.**
**આવો વીતરાગમાર્ગ જયવંત છે.**

ભેદજ્ઞાની જીવની જ્ઞાનપરિણતિ અદ્ભુત–અલૌકિક હોય છે. જેમ સોનું ચારેકોર અગ્નિના ભડકા વચ્ચે પણ સોનું જ રહે છે, તે સોનું કાંઈ અન્યરૂપ થઈ જતું નથી કે બળી જતું નથી; તેમ રાગથી ભિન્ન પડીને આનંદધામનો જેણે સ્વાદ ચાખ્યો છે એવું આત્માનું શુદ્ધજ્ઞાન, તે જ્ઞાન અનેકવિધ કર્મોદયની વચ્ચે વર્તવા છતાં પણ જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહે છે, તે જ્ઞાન કાંઈ રાગાદિરૂપ કે કર્મરૂપ થઈ જતુ નથી. સંયોગની અનુકૂળતામાં તે ઓગળતું નથી કે પ્રતિકૂળતામાં બળતું નથી, એ તો પરમભાવપણે જ પોતાને વેદતું થકું શાંતિને જ વેદ્યા કરે છે; એટલે તેને કર્મોની નિર્જરા જ છે.

પાંડવ ભગવંતો મુનિદશામાં શત્રુંજય ઉપર ધ્યાનમાં હતા ને દુર્યોધનના ભાણેજે અગ્નિનો ઘોર ઉપસર્ગ કર્યો; શરીરનાં રજકણો બળવા માંડયા, પણ તે વખતેય તે મુનિવરોનું જ્ઞાન તો શાંતરસમાં તરબોળ છે, તે જ્ઞાન બળતું નથી, શાંતિ ખસતી નથી. અહો, એ મુનિવરો બળતા નથી પણ અંદરની શાંતિમાં ઠર્યા છે. ચૈતન્યના

શાંતરસમાં તે અગ્નિ જરાય અડયી નથી. જ્ઞાનમાં ક્રોધ થતો નથી, અશાંતિ થતી નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિ–ભેદજ્ઞાની જીવનો આત્મા જે શાંતરસરૂપ પરિણમી ગયો છે તે શાંત જ્ઞાનમયભાવ કદી રાગરૂપ થતો નથી. રાગ તેમાં પ્રવેશતો નથી; રાગથી જુદેજુદું જ જ્ઞાન વર્તે છે. અરે, ચૈતન્યતત્ત્વ પોતે જ પરમ શાંતિ અને જ્ઞાનભાવરૂપ થયું, તેમાં હવે જગતની પ્રતિકૂળતા કેવી? ગમે તેવા ઘોર કર્મોદય વખતે પણ તે જ્ઞાન શુદ્ધ–જ્ઞાનપણે જ વર્તે છે, અંતરમાં પોતાની શાંતિના વેદનથી તે છૂટતું નથી. એ જ્ઞાન ખાલી નથી પણ પરમ શાંતિથી ભરેલું છે, આનંદથી ભરેલું છે, અનંતગુણના વીતરાગીરસથી ભરેલું છે.

અરે, બહારના સંયોગનો ઘેરો તો ધર્માત્માના જ્ઞાનને ઘેરી શકે નહિ, ને તે કાળે વર્તતા રાગાદિ પરભાવો પણ ધર્માત્માના જ્ઞાનને ઘેરી શકતા નથી; ધર્મીનું જ્ઞાન તે પરભાવોથી જુદું અલિપ્ત જ રહે છે. ભેદજ્ઞાનનું કોઈ અદ્ભુત અચિંત્ય વીતરાગી જોર છે કે જેના બળે જ્ઞાન અને રાગ જુદા ને જુદા જ રહે છે; જ્ઞાન પોતાના સ્વરૂપથી જરાપણ ચ્યુત થતું નથી, આનંદથી છૂટતું નથી ને રાગ–દ્વેષરૂપ થતું નથી.

અરે, ચૈતન્યમૂર્તિ આત્મા પોતે રાગથી જુદો પડીને ચૈતન્યભાવરૂપે પરિણમ્યો, એ તે કાંઈ ફરીને રાગરૂપ થાય? આત્મા કોને કહેવાય? ચૈતન્યભાવને આત્મા કહેવાય; તે આત્મા આત્મારૂપે થયો પછી તેમાં વિભાવ કે અશાંતિ કેવા? ને બહારની પ્રતિકૂળતા તેમાં કેવી? જ્ઞાનમાં તો પરમ શાંતિ છે. અરે, આટલી પ્રતિકૂળતાની શી વાત! આનાથી અનંતગણી પ્રતિકૂળતા આવી પડે તોપણ મને શું? હું તો જ્ઞાનમય છું. જ્ઞાનમાં પ્રતિકૂળતાનો પ્રવેશ છે જ ક્યાં? હું ચૈતન્ય–વીર, મારો અફરમાર્ગ, તેમાં સંયોગની પ્રતિકૂળતા મને ડગાવી શકે નહીં, કે ડરાવી શકે નહીં. મારો ચૈતન્યભાવ રાગથી જુદો પડયો તે ફરીને કદી રાગાદિ સાથે એક થાય નહીં, વાઘ ને સિંહ આવીને શરીરને ખાય તો ભલે ખાય, મારા અતીન્દ્રિય જ્ઞાનને તો કોઈ ખાઈ શકે નહીં, હણી શકે નહીં; કદાચિત્ રાગ–દ્વેષની વૃત્તિઓ થાય તો તે વૃત્તિઓથી પણ મારું જ્ઞાન કદી અજ્ઞાનરૂપ ન થાય; જ્ઞાન તે રાગાદિની વૃત્તિરૂપ થતું નથી; જ્ઞાન તો જ્ઞાનરૂપ જ, રાગાદિથી અત્યંત જુદું, પરમ શાંતિસ્વભાવપણે જ રહે છે. અરે, ચૈતન્યની અનુભૂતિમાં ધર્મીને જે શાંતિ થઈ તે શાંતિ કોઈ સંયોગમાં છૂટે નહિ, રાગ પણ તે શાંતિને હણી શકે નહીં. રાગ પોતે અશાંતિ છે, પણ ચૈતન્યની જે શાંતિ સાધકને પ્રગટી છે તેમાં તે અશાંતિનો પ્રવેશ નથી. ચૈતન્યના આશ્રયે જે શાંતિ તેને પ્રગટી

છે તે રાગ વખતેય હણાતી નથી. –આવું ભેદજ્ઞાનનું અપૂર્વ બળ છે. અહા! ભેદજ્ઞાન તો આનંદમાં કેલી કરતું–કરતું આસ્રવોને હણી નાંખે છે.

અનુકૂળતાના બરફ વચ્ચે ઓગળે નહિ, ને પ્રતિકૂળતાના અગ્નિ વચ્ચે પણ બળે નહિ–એવું અલિપ્ત જ્ઞાન છે. અહા! રાગથી ભિન્ન પડીને આત્મા પોતે સ્વભાવથી જ જે શાંતિરૂપ પરિણમ્યો, તે સ્વભાવની શાંતિથી હવે તે કેમ છૂટે? સંવરરૂપ–શાંતિરૂપ–જ્ઞાનરૂપ–આનંદરૂપ–સમ્યક્ત્વાદિરૂપ થયો તે તો આત્માનો સ્વભાવ છે, તે સ્વભાવનો કદી નાશ ન થાય. પણ આવી દશાવાળા ધર્માત્મા બહારથી ઓળખાય નહીં.

**જુઓ, આ એક અપૂર્વ ન્યાય છે કે જ્ઞાન ને આનંદરૂપ થયેલા આત્માનું અનુમાન પણ તે જ ખરેખર કરી શકે કે જેને પોતાને પોતામાં જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ થયો હોય. પોતે પોતાના આત્માને પ્રત્યક્ષ (અનુભવગમ્ય) કરીને જ બીજા ધર્મી-આત્માનું અનુમાન સાચું કરી શકે. પોતાના આત્માને પ્રત્યક્ષ કર્યા વગર, એકલા અનુમાનગમ્ય બાહ્યચિહ્નોથી બીજા ધર્માત્માની સાચી ઓળખાણ થઈ શકે નહિ. પોતે એકલા અનુમાનથી બીજાને જાણનારો નથી, તેમજ બીજા જીવો એકલા અનુમાનથી આ ધર્મી-આત્માને જાણી શકે-એવો પણ આત્મા નથી. જેણે પોતાના આત્માને સ્વાનુભવથી પ્રત્યક્ષ કરીને અતીન્દ્રિય આનંદનો મહા સ્વાદ ચાખ્યો હોય તે જ બીજા જ્ઞાનઆનંદસ્વરૂપ થયેલા આત્માની સાચી ઓળખાણ કરી શકે.** – આ રીતે પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન જ સાચું હોય છે. પ્રત્યક્ષનું અપાર સામર્થ્ય છે, –જેમાં બીજા કોઈની અપેક્ષા નથી; રાગ–વિકલ્પોથી તે તદ્દન નિરપેક્ષ છે.

જેમ કેવળી ભગવાનનું કેવળજ્ઞાન રાગથી સર્વથા જુદું છે તેમ સાધક ધર્માત્માનું પણ જ્ઞાન રાગથી સર્વથા જુદું જ વર્તે છે, રાગના કોઈ અંશને પોતામાં ભેળવતું નથી. સાધકની દશામાં આત્મા જે જ્ઞાનરૂપ–શાંતિરૂપ–આનંદરૂપ–શ્રદ્ધા વગેરે અનંત સ્વભાવરૂપ પરિણમ્યો છે તે તો રાગથી સર્વથા ભિન્ન જ છે; તે જ્ઞાન–આનંદભાવોને રાગાદિ સાથે કાંઈપણ લાગતું–વળગતું નથી, સર્વથા ભિન્નતા છે. આવું ભેદજ્ઞાન આનંદરસથી ભરેલું છે.

**આવું ભેદજ્ઞાન નિરંતર ભાવવા યોગ્ય છે.**

*  *  *

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

આત્મહિતને લગતી જિજ્ઞાસાના કોઈ પ્રશ્નો આપને મુંઝવતા હોય તો સમાધાન માટે આપ આ વિભાગમાં પૂછાવી શકો છો. સંપાદકને યોગ્ય લાગશે તે પ્રશ્નોના જવાબ આ વિભાગમાં આપવામાં આવશે. ધર્મને લગતી જાણવા જેવી અવનવી વાતો–પ્રસંગો પણ આપ આ વિભાગ માટે મોકલી શકો છો.

પ્રશ્ન :– સ્ત્રી મોક્ષની અધિકારી થઈ શકે?

ઉત્તર :– હા; સમ્યક્ત્વ પામનાર સ્ત્રી એકબે ભવમાં જ મોક્ષની અધિકારી થઈ શકે છે. બાકી સ્ત્રીપર્યાય રાખીને કોઈ મોક્ષ પામી શકે નહિ. સમ્યક્ત્વાદિના બળે બીજા ભવે સ્ત્રીપર્યાય છેદી, મનુષ્ય થઈ, મુનિ થઈ, તે જીવ મોક્ષ પામી શકે છે. સ્ત્રીપર્યાયમાં પણ જ્યાં સમ્યક્ત્વ થયું ત્યાં નિયમથી મોક્ષની પ્રાપ્તિનો સિક્કો લાગી ગયો. એ જ રીતે તિર્યંચ કે નારકી પણ સમ્યક્ત્વ પામીને અલ્પકાળમાં મોક્ષના અધિકારી બની શકે છે. મોક્ષના અધિકારી થવું હોય તેણે પ્રથમ સમ્યક્ત્વની આરાધના કરવી જોઈએ.

પ્રશ્ન :– સમ્યગ્દ્રષ્ટિને નિર્વિકલ્પ અનુભવમાં અનંત ગુણો હોય છે?

ઉત્તર :– હા; અનંતગુણ વગરનો આત્મા હોય નહિ; અનુભૂતિમાં પણ અનંતગુણના રસથી એકરસ થયેલો ‘આત્મસ્વાદ’ છે. ચૈતન્યના અનંતગુણોનો અભેદ રસાસ્વાદ તે નિર્વિકલ્પઅનુભૂતિ છે. તે અનંત આનંદમય છે.

પ્રશ્ન :– ગમે તેટલું ખાધા છતાં ફરીને ભૂખ લાગ્યા જ કરે છે, તો એવો કયો ઉપાય છે કે આ ભૂખનું દુઃખ મટે?

ઉત્તર :– ચૈતન્યસ્વરૂપ અરૂપી આત્મામાં જડ આહારનો પ્રવેશ જ નથી; આવા આત્માના લક્ષે અનાહારી ભાવ પ્રગટ થતાં આહારની વૃત્તિ રહેતી નથી. જ્ઞાનમાં આહાર હોતો નથી. આહારસંજ્ઞા તે પ્રમાદ છે, ને અપ્રમત્તભાવે જ્ઞાનસ્વરૂપમાં ઠરતાં આહારસંજ્ઞા રહેતી નથી, ત્યાં ભૂખ લાગતી નથી ને દુઃખ રહેતું નથી. અહા, ચૈતન્યના પરમ અતીન્દ્રિય સુખના સ્વાદમાં મશગુલ થયો તે જીવને ભૂખનું દુઃખ ક્યાંથી હોય? એ તો પરમ તૃપ્ત–તૃપ્ત વર્તે છે. ચૈતન્યના અમૃતનો સ્વાદ લેવો એ જ ભૂખનું દુઃખ મટાડવાનો સાચો ઉપાય છે. ચૈતન્યના આનંદના ભોજન વગર જીવને કદી તૃપ્તિ થવાની નથી.

## સમ્યગ્દર્શનની ઓળખાણ

પ્રશ્ન :– કોઈ જીવ સમ્યગ્દર્શન પામ્યો છે તેને ઓળખવાનું લક્ષણ શું? –કે જેથી બીજા માણસ સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ વચ્ચેનો ફરક સમજી શકે?

ઉત્તર :– એકલા બહારની ક્રિયાના ચિહ્નથી સમ્યગ્દ્રષ્ટિને ઓળખી શકાય નહિ. જેને પોતાને સમ્યક્ત્વનું સ્વરૂપ લક્ષગત થયું હોય તે જ સમ્યગ્દ્રષ્ટિને ખરેખર ઓળખી શકે. સમ્યગ્દર્શન પોતે અતીન્દ્રિય વસ્તુ છે, એકલા ઇન્દ્રિયગમ્ય ચિહ્નો દ્વારા તેને ઓળખી ન શકાય. સમ્યગ્દ્રષ્ટિની ખરી ઓળખાણ ત્યારે થાય કે જ્યારે પોતામાં તે જાતનો ભાવ પ્રગટ કરે. સમ્યગ્દ્રષ્ટિની ઓળખાણનો ભાવ પણ અપૂર્વ છે, ને રાગથી પાર છે. જેમ આત્મા અલિંગગ્રહણ એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે તેમ તેની સમ્યક્ત્વાદિ શુદ્ધદશા પણ ખરેખર અલિંગગ્રહણ એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે, તેને એકલા ઇન્દ્રિયગમ્ય અનુમાનથી ઓળખી શકાય નહિ.

## તૈયારી અને પ્રાપ્તિ

પ્રશ્ન :– સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની દશા કેવી હોય છે? ને સમ્યગ્દર્શન પામ્યા પછી તેની દશા કેવી હોય છે?

ઉત્તર :– એક આત્મઅનુભવનો જ ઉમંગ, તેનો જ રંગ, વારંવાર સતત તેની જ ઘોલના, નિજસ્વરૂપની અતિશય મહત્તા, તેની એકની જ પ્રિયતા, ને એના સિવાય બધાય પરભાવોની અત્યંત તૂચ્છતા સમજીને તેમાં તદ્દન નીરસતા, બીજે બધેથી પરિણામ હટાવીને એક આત્મસ્વરૂપમાં જ પરિણામને લગાવવાનો ઊંડો ઉગ્ર પ્રયત્ન;.. સ્વરૂપની અપ્રાપ્તિનો પ્રથમ તીવ્ર અજંપો, તેની પ્રાપ્તિ માટે તીવ્ર જિજ્ઞાસારૂપ ધગશ, પછી નીકટમાં જ સ્વરૂપની પ્રાપ્તિના ભણકારનો પરમ ઉલ્લાસ–ઠંડક;– આમ ઘણા પ્રકારે અનેકવાર ગુરુદેવ સમ્યક્ત્વની ભૂમિકાનું વર્ણન કરે છે.

સ્વરૂપ પ્રાપ્ત થયું ને અપૂર્વતા થઈ તે તો અપાર ગંભીરપણે અંદર ને અંદર જ સમાય છે. એ સમકિતીની પરિણતિમાં કોઈ પરમ ઉદાસીનતા, અદ્‌ભુત શાંતિ, જગતથી અલિપ્તતા, આત્માના અનુભવના આનંદની કોઈ અચિંત્ય ખુમારી–વગેરે અનંતા ભાવોથી ભરેલી ઘણી ઘણી ગંભીરતા તો પોતાને જ્યારે સ્વાનુભવ થાય ત્યારે ખબર પડે.

## સમ્યક્ત્વની વિધિ

પ્રશ્ન :– હે ગુરુદેવ! સમ્યગ્દર્શનની વિધિ તો આપે સમજાવી, પણ તે સમજ્યા પછી પરિણતિની ગુલાંટ કેમ મારવી?

ઉત્તર :– વિધિ યથાર્થ સમજાય ત્યાં પરિણતિ ગુલાંટ માર્યા વગર રહે નહિ. વિકલ્પજાત અને સ્વભાવજાત એ બંનેને ભિન્ન જાણતાંવેત જ પરિણતિ વિકલ્પમાંથી છૂટી પડીને સ્વભાવમાં તન્મય થાય છે. વિધિને સમ્યક્પણે જાણવાનો કાળ અને પરિણતિને ગુલાંટ મારવાનો કાળ–બંને એક જ છે. વિધિ જાણે પછી તેને શીખવવું ન પડે કે તું આમ કર. જે વિધિ જાણી તે વિધિથી જ્ઞાન અંતરમાં ઢળે છે. સમ્યક્ત્વની વિધિને જાણનારું જ્ઞાન પોતે કાંઈ રાગમાં તન્મય નથી, સ્વભાવમાં તન્મય છે. અને એવું જ જ્ઞાન સાચી વિધિને જાણે છે. રાગમાં તન્મય વર્તતું જ્ઞાન સમ્યક્ત્વની સાચી વિધિને જાણતું નથી.

## ચૈતન્યની સ્ફૂરણા થતાં જ બધા પરભાવો છૂટી જાય છે

પ્રશ્ન :– અસંખ્યપ્રકારના પરભાવો, –તે બધાયથી છૂટવા શું કરવું? એક પરભાવથી બચીએ ત્યાં બીજો પરભાવ ઘૂસી જાય છે, તો શું કરવું?

ઉત્તર :– સ્વભાવમાં પ્રવેશ કરતાં બધાય પરભાવો એક સાથે છૂટી જાય છે. સ્વભાવના દરબારમાં પરભાવનો પ્રવેશ નથી. સ્વભાવમાં આવ્યા વિના, પરભાવના લક્ષે પરભાવોથી બચી શકાય નહીં. એટલે એકસાથે સમસ્ત પરભાવોથી બચવાનો ઉપાય એ છે કે ત્યાંથી ઉપયોગને પાછો વાળીને સ્વભાવમાં ઉપયોગ મુકવો.

આ આત્મા એવો આનંદમય ચૈતન્યપ્રકાશનો પુંજ છે કે એનું સ્ફૂરણ થતાં જ (અર્થાત્ ઉપયોગ તેમાં ઝુકતાં વેંત જ) સમસ્ત પરભાવોની ઇન્દ્રજાળ (વિકલ્પ તરંગો) તત્ક્ષણ ભાગી જાય છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન પામ્યો ત્યારે જે આનંદ અનુભવાયો તેનું ભાષામાં વર્ણન આવી શકે કે કેમ?

ઉત્તર :– એ વેદનનું વાણીમાં પૂરું વર્ણન ન આવે; અમુક વર્ણન આવે, તે ઉપરથી સામો જીવ ‘જો તેવા લક્ષવાળો હોય તો’ સાચી સ્થિતિ સમજી જાય.

## અદ્‌ભુત ! સુંદર ! ગંભીર ! મહાન !

ચૈતન્યતત્ત્વનો અદ્‌ભુત મહિમા બતાવતાં હમણાં ગુરુદેવ ઊંડાણથી વારંવાર કહે છે કે–

અહો ! શાંત... પ્રશાંત ચૈતન્યતત્ત્વ !

કેટલું સુંદર ! કેટલું ગંભીર ! કેટલું મહાન !

જેની નીકટતામાં પણ શાંતિના ફૂવારા છે–તેની અંદરની શાંતિની તો શી વાત ! એ શાંતિની પરમ શીતળતામાં સંસારનો કોઈ આતાપ આવી શકતો નથી... ને સંસારના આતાપમાં મશગુલ જીવો એ શાંતિના સ્વાદને માણી શકતા નથી.

અહા ! એકવાર અંદર જો તો ખરો કે–શાંતિનો સ્વાદ કેટલો સુંદર છે !

એ આત્મસ્વાદ ચાખતાં તું તૃપ્ત–તૃપ્ત થઈ જઈશ.

### ઝરીયાથી શ્રી કાંતિભાઈ કોઠારી પ્રમોદથી લખે છે કે-

“આમ તો હું ગમે ત્યાંથી મેળવીને આત્મધર્મ વાંચી લઉં છું. તેમાં તમારો અંક નં. ૩૪૦ મને બહુ જ ગમી ગયો. ભગવતી–આરાધનાના કવચઅધિકારનું વર્ણન, તથા ભાવઅનુગમ (ષટ્‌ખંડાગમ) માંથી કષાય અને જ્ઞાનની ભિન્નતાનું વર્ણન વાંચતાં અમને ઘણું જાણવાનું મળ્યું. જૈનદર્શનની જે વસ્તુ અલોપ (અપ્રસિદ્ધ) હતી, અને હજી પણ આવા આગમો ઉઘાડીને ભાગ્યે જ કોઈ વાંચે છે, ત્યારે આવા કલજુગમાં તમારા તરફથી આત્મધર્મ–પત્રિકા દ્વારા ઊંચી–ઊંચી વાનગી પીરસાય છે તે સૌ કોઈને વાંચવાનું મન થાય તેવી છે અને તે વાંચતાં મહિમા આવે છે કે વાહ ! આપણા જૈનધર્મમાં કેવા–કેવા મહાન આચાર્યો થઈ ગયા છે ! –આમ જૈનધર્મમાં વધુ પ્રીતિ આવે છે. ખરેખર, ષટ્‌ખંડાગમ જેવા મહાન જૈનગ્રંથો દુનિયાને હેરત પમાડે તેવા છે. કષાય અને જ્ઞાનની જે ભિન્નતા સમજાવી છે તે અદ્‌ભુત છે.

લી. કાન્તિલાલ કોઠારી, ઝરીયા.

પ્રશ્ન :– કીડી વગેરે ત્રણઇન્દ્રિય જીવ અંધકારને જાણી શકે ?

ઉત્તર :– ના; અંધકાર તે આંખનો વિષય છે; આંખવાળો જીવ જ અંધકારને જાણી શકે.

પ્રશ્ન :– આરાધના એટલે શું ? તેમાં જીવે શું કરવાનું હોય છે ?

ઉત્તર :– જેની આરાધના કરવાની છે એવા પોતાના શુદ્ધાત્માને જ આરાધ્યદેવ તરીકે સ્થાપીને, તેની શ્રદ્ધા–જ્ઞાન–અનુભૂતિ કરવી, એનાથી વિરુધ્ધ રાગાદિ બીજા કોઈ ભાવોને અનુભૂતિમાં પ્રવેશવા ન દેવા–એનું નામ આરાધના છે. આ આરાધનામાં પરભાવોથી ભિન્ન પોતાના સાચા સ્વરૂપને ઓળખીને જીવે તેનું જ સેવન કરવાનું છે. આત્માની ઓળખાણરૂપ સમ્યગ્દર્શન તે પ્રથમ આરાધના છે.

પ્રશ્ન :– સમુદ્‌ઘાત વખતે કેવળીપ્રભુના આત્મપ્રદેશો આપણા આત્માને સ્પર્શી જાય છે છતાં આપણને ખબર કેમ પડતી નથી ?

ઉત્તર :– સમુદ્‌ઘાત વખતે કેવળી પ્રભુના આત્મપ્રદેશો આખા લોકમાં ફેલાય છે એટલે અહીં આપણી પાસે પણ આવે છે–એ ખરું, પણ તે આત્મપ્રદેશો અતીન્દ્રિય છે, ઇન્દ્રિયજ્ઞાનનો તે વિષય નથી. એનું સ્વરૂપ વિચારતાં અતીન્દ્રિય આત્મા લક્ષમાં આવી જાય છે. એકક્ષેત્રની અપેક્ષાએ ભલે સ્પર્શ કહેવાય, બાકી તો આત્મપ્રદેશો અસ્પર્શી છે. વળી તે એકપ્રદેશીપણાનો કાળ પણ માત્ર એક–બે કે ત્રણ સમયો જ છે, ને તેથી છદ્મસ્થજ્ઞાનનો વિષય તે થઈ શકે નહિ. અસંખ્ય સમયથી ઓછા કાળની વસ્તુને છદ્મસ્થનો ઉપયોગ પકડી શકતો નથી.

પ્રશ્ન :– માંસાહારી જૈન હોઇ શકે ?

ઉત્તર :– ના; કોઈપણ જૈન કદી માંસાહારી હોઈ શકે નહિ, માંસાહાર હોય ત્યાં જૈનપણું હોઈ શકે નહિ. અરે, સિંહ જેવા માંસભક્ષી પ્રાણી પણ જ્યાં ધર્મ સમજે છે કે તરત માંસાહાર છોડીને સમાધિમરણ કરે છે અથવા તો નિર્દોષ ખોરાક ખાઈને જીવે છે. માંસાહારનું જેમાં પ્રતિપાદન હોય તે શાસ્ત્ર નથી, તે તો કુશાસ્ત્ર છે.

યાદ રહે કે ઇંડા, મધ વગેરે પણ માંસની જેમ જ સર્વથા અભક્ષ છે. દવારૂપે પણ તેનું ભક્ષણ આર્ય માણસને હોય નહીં.

પોતાના શરીરનું માંસ કાપીને કોઈ રાજાએ દાન કર્યું–એવી કથા આવે છે, –પણ તે યોગ્ય નથી; જ્ઞાની એવું કરે નહીં. આ સંબંધમાં શાંતિનાથ ભગવાનના પૂર્વભવનો એક પ્રસંગ આવે છે, તે કોઈવાર કહેશું.

# આધુનિક આશ્ચર્ય

હજાર વર્ષથી શ્રવણબેલગોલમાં સ્થિત ભગવાન બાહુબલીની ૫૭ ફૂટ ઊંચી અદ્‌ભુત અજાયબ મૂર્તિ દેખીને આપણે આશ્ચર્ય પામી જઈએ છીએ. હજાર વર્ષ પહેલાં જે આશ્ચર્યકારી બનાવ બન્યો તેવો બનાવ આજે પણ બની રહ્યો છે–તે જાણીને જિજ્ઞાસુઓને આશ્ચર્ય થશે.

મૈસુર રાજ્યમાં ધર્મસ્થલ નામનું એક ક્ષેત્ર ધાર્મિક સંસ્કૃતિના આદર્શ જેવું છે. શ્રવણબેલગોલથી તે થોડા જ માઈલ દૂર છે. ત્યાંના એક ટેકરા ઉપર ભગવાન બાહુબલી સ્વામીની પીઠિકા સહિત બાવન ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત થવાની છે. સ્વર્ગસ્થ રત્નવર્મ હેગ્ગડેને આ ભવ્ય પ્રતિમા નિર્માણ કરાવીને ધર્મસ્થલમાં સ્થાપવાની ભાવના જાગેલી. પરંતુ આવી અદ્‌ભુત મૂર્તિ બનાવી શકે એવા શિલ્પકાર ક્યાં મળશે! એની ચિંતામાં હતા. ભારતદેશ તો આવી શિલ્પકળા માટે જગપ્રસિદ્ધ છે... એટલે શોધખોળ કરતાં કારકલમાં (જ્યાં બાહુબલી ભગવાનની બીજી એક ઊંચી પ્રતિમા બિરાજે છે તે શહેરમાં) શ્રી રેંજાલ ગોપાલ શૈણે નામના એક અનુભવી શિલ્પકળામાં કુશળ કલાકાર મળી ગયા; અને ઘણાં અલ્પકાળમાં આ મહાન કાર્ય પૂરું કરી આપવાનો તેમણે નિર્ણય કર્યો. ઈ. સ. ૧૯૬૮ ના જુન માસમાં આ મંગળ કાર્યનો પ્રારંભ થયો. સેંકડો કારીગરો દિનરાત કામે લાગી ગયા; કોઈ જાતના વિઘ્ન વગર તે ભવ્યમૂર્તિ તૈયાર થઈ ગઈ અને હવે આ પ્રતિમાને કારકલથી (૪૫ માઈલ) ધર્મસ્થલ પહોંચાડવા માટેની મહાન વ્યવસ્થા ચાલી રહી છે– તે માટે વચ્ચેની સડકો મજબૂત બનાવાઈ રહી છે. મુંબઈની એક કંપનીએ તેનો કોન્ટ્રાકટ રાખ્યો છે ને તે માટે ૮૪ પૈડાવાળી એક ખાસ ટ્રોલી તૈયાર કરેલ છે. બાવન ફૂટ ઊંચી આ મૂર્તિનુ વજન ૧૭૦ ટન (લગભગ દશ હજાર મણ) છે. ૪૫ માઈલના રસ્તામાં આ મૂર્તિ સાથે હજારો યાત્રિકભક્તો પણ ધામધૂમથી વિહાર કરશે; સાથે ૫૦ જેટલા હાથી, અનેક બેંડપાર્ટી, પત્રકારો, ટેલિવિઝન વગેરે પણ હશે. વચ્ચે આવતા બધા જિનાલયોમાં પૂજનાદિ કરતાં–કરતાં, વચ્ચે વેણૂરસ્થિત બાહુબલી ભગવાનનો મસ્તકાભિષેક પણ કરીને, હજારો યાત્રિક સહિત ધામધૂમથી પ્રતિમા 'ધર્મસ્થલ' પહોંચશે. ધર્મસ્થલમાં દર વર્ષે આવનારા લાખો યાત્રિકો આ અદ્‌ભુત મૂર્તિના દર્શનથી પ્રભાવિત થશે.

આ મૂર્તિ લગભગ ૨૫ ફેબ્રુઆરીએ કારકલથી રવાના થવાની હતી, –એટલે

અત્યારે તો ધર્મસ્થલ પહોંચી પણ ગઈ હશે.) આ ઉપરાંત રસ્તાની મજબુતીની ચકાસણી માટે પ્રથમ એક જ પથ્થરના અખંડ માનસ્તંભ માટેનો ૫૪ ફૂટ ઊંચો પથ્થર (ત્રણ હજાર મણ વજનનો) કારકલથી ધર્મસ્થલ લઈ જવાનો હતો.

ઈ. સ. ૧૯૭૦ માં રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરી ધર્મસ્થલની મુલાકાતે ગયેલા ત્યારે આ દિવ્યમૂર્તિ સ્થાપવા માટેના 'બાહુબલી–વિહાર' નો પાયો તેમના હસ્તે નંખાયો હતો. હવે થોડા સમયમાં ભવ્ય પ્રતિમાજીની સ્થાપના થશે;– રાષ્ટ્રના ઈતિહાસમાં સેંકડો વર્ષે બનનારી આ એક મહાન ઘટના હશે. જગતને વીતરાગતાનો સંદેશ આપીને ચૈતન્યસાધનાની શૂરવીરતા જગાડનાર એ દિવ્ય મુદ્રાવંત વીર બાહુબલીનાથને આપણે નમસ્કાર કરીએ છીએ.

## દિગંબરોનો ધર્મ

દિગંબર જૈનનો પહેલો ધર્મ એ છે કે વીતરાગી અરિહંત દેવ–ગુરુને ઓળખીને તેમના જેવા પોતાના શુદ્ધ 'દિગંબરઆત્માને' એટલે કે પરભાવોની લાગણીથી રહિત એવા શુદ્ધ જ્ઞાનમય આત્માને ઓળખવો. આવા આત્માને ઓળખતાં મિથ્યાત્વરૂપી મહાન પરિગ્રહ છૂટીને અંશે નિર્ગ્રંથપણું થાય છે, અને સમ્યક્ત્વભાવરૂપ દિગંબરધર્મની શરૂઆત થાય છે; ત્યારે જ સંપૂર્ણ નિર્ગ્રંથ એવા વીતરાગી દેવ–ગુરુની ઓળખાણ થાય છે. આવો સમ્યક્ત્વભાવ પ્રગટ કરીને મિથ્યાત્વ–ગ્રંથિને છોડવી તે દિગંબરોનો પહેલો ધર્મ છે.

જ્યાં મિથ્યાત્વગ્રંથી છૂટીને સમ્યક્ત્વધર્મ થયો ત્યાં સર્વથા નિષ્પરિગ્રહી, ચિદાનંદતત્ત્વની અનુભૂતિ થઈ–શ્રદ્ધા થઈ–જ્ઞાન થયું; તે જ તત્ત્વમાં એકાગ્ર થઈને શુદ્ધોપયોગી ચારિત્રના બળે વસ્ત્રાદિ સમસ્ત પરિગ્રહોનું મમત્વ છૂટી જાય ને દિગંબર દશા ધારણ કરીને મુનિદશા પ્રગટે તે સાક્ષાત્ દિગંબર ધર્મ છે. પહેલાં સમ્યગ્દર્શન પછી દિગંબર જૈનોનું આ બીજું કર્તવ્ય છે.

આ રીતે આત્મભાન કરીને સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક વીતરાગી ચારિત્રદશાનું આરાધન તે દરેક દિગંબર જૈનનો ધર્મ છે, તે મોક્ષનો માર્ગ છે. જે આવું આરાધન કરે તે જ સાચો દિગંબર જૈન છે.

# નિર્ગ્રંથનો પંથ... ભવઅંતનો ઉપાય છે



સાચું નગ્નપણું ક્યારે થાય ?

શરીર અને ઇન્દ્રિયોથી આત્માનું જુદાપણું જેના અનુભવમાં આવ્યું છે, એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં તો અતીન્દ્રિભાવ જેને થઈ ગયો છે, અને તે ઉપરાંત અતીન્દ્રિય ચૈતન્યમાં લીનતા વડે સ્પર્શાદિ ઇન્દ્રિયવિષયોમાંથી જેની પરિણતિ હટી ગઈ છે એટલે અંતરમાં અસ્પર્શીપણું થયું છે ત્યાં બહારમાં શરીરનું નગ્નપણું સહેજે હોય છે. આવી દશા તે વીતરાગમાર્ગમાં જૈનમુનિઓની દશા છે... તેઓ મોક્ષને સાધે છે કુંદકુંદસ્વામી સમયસારની ૩૧મી ગાથામાં કહે છે કે અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી આત્માનો જ્યારે અનુભવ થયો ત્યારે ઇન્દ્રિયોથી જુદાપણારૂપ ભેદજ્ઞાન થયું, તે જિતેન્દ્રિય થયો, તે જિનનો ભક્ત થયો, તે સમ્યગ્દ્રષ્ટિ-મોક્ષમાર્ગી થયો.

આવા અતીન્દ્રિયઆત્માને અનુભવીને તેમાં જેઓ ઠર્યા-એવા મુનિઓને શરીર પણ આવરણ વગરનું ખૂલ્લું થઈ જાય છે; તેમને શરીરનો કોઈ ભાગ ઢાંકવાની વૃત્તિ હોતી નથી, કેમકે દેહાતીત ચૈતન્યભાવ પ્રગટી ગયો છે, દેહને ઢાંકવાની વૃત્તિ રહે ને મોક્ષ પણ સધાય-એમ બની શકતું નથી. વીતરાગનો માર્ગ તો નિર્ગ્રંથમાર્ગ છે, આત્મામાં મોહની ગાંઠ નહિ, દેહમાં વસ્ત્રના પરિગ્રહરૂપ ગાંઠ નહીં, એવો નિર્ગ્રંથ મોક્ષમાર્ગ છે.

અહો, આવા નિર્ગ્રંથ મોક્ષમાર્ગને ઓળખીને આરાધતાં ભવના અંત આવે છે.

'નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.'

## ગુરુદેવે અધ્યાત્મમાર્ગ ખુલ્લો કરીને જૈનજગતનું હિત કર્યું છે-

"હું ૪૫ વર્ષથી પૂ. ગુરુદેવશ્રીના પરિચયમાં છું. તેમની ઘણી જ કૃપા છે. પૂ. ગુરુદેવે આગમશાસ્ત્રોના અભ્યાસ અને મંથન પછી જૈનદર્શનને નવો વળાંક આપ્યો છે; અને સારા દેશના જૈન તથા જૈનેતર તત્ત્વચિંતકોની આંખોને નવી દ્રષ્ટિ આપી અધ્યાત્મમાર્ગ ખુલ્લો કરી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. આત્મધર્મ માસિકમાં ઘણી રસપ્રદ બાબતો આવે છે, વાંચતાં પ્રમોદ આવે છે. 'આત્મધર્મ' માસિકે અધ્યાત્મરસપૂર્ણ વાનગીઓ પીરસી સમાજનું અને જૈનજગતનું ઘણું હિત કર્યું છે. (લીઃ આર. પી. કોઠારી; જામનગર મ્યુની. ના રીટાયર્ડ ચીફ ઓફિસર.)

## કાશીના પંડિતજી પૂજાના વાસણ લેવા ગયા ત્યારે-

ફત્તેપુરમાં પ્રતિષ્ઠા વખતે બનારસના પં. ફૂલચંદજીએ એક પ્રસંગ કહ્યોઃ– એકવાર મુંબઈમાં તેઓ પૂજા માટેના સ્ટીલના વાસણ લેવા ગયેલા. સ્ટીલના વાસણના એક સેટની કિંમત તે જમાનામાં સાડા અગિયાર આના થઈ. કરકસર માટે પંડિતજીએ દુકાનદારને કહ્યું કે ભાઈ, બે પૈસા ઓછા લ્યો એટલે કે અગિયાર આના લ્યો.

દુકાનદાર કહેઃ અરે પંડિતજી! તમે ભગવાનની પૂજા માટે આ વાસણ લઈ જાવ છો. એટલે ભગવાન તો તમને ઘણા પૈસા આપશે! પછી બે પૈસાનો લોભ શું કરો છો?

પંડિતજી પણ ખરા હતા... એ તો કાંઈ બોલ્યા–ચાલ્યા વગર, કે પૈસા આપ્યા વગર, એમને એમ વાસણ થેલીમાં નાંખીને માંડયા હાલવા!

દુકાનદાર તો આભો થઈ ગયો... ને સાદ કર્યો કે અરે પંડિતજી! પૈસા તો આપતા જાવ!

પંડિતજી કહે–ભાઈ, આ વાસણ તો હું ભગવાનની પૂજા કરવા લઈ જાઉં છું; તમે જ હમણાં કહ્યું કે ભગવાન ઘણા પૈસા આપશે! તો તમારા વાસણથી હું ભગવાનની પૂજા કરીશ તેથી તમને પણ ભગવાન ઘણા પૈસા આપશે! –પછી મારી પાસેથી અગિયારઆના લેવાની શી જરૂર છે!

પંડિતજીએ કેવી સરસ યુક્તિથી ઈશ્વરકર્તૃત્વનું ખંડન કર્યું! વેપારી તો પંડિતજીની યુક્તિથી અંજાઈ ગયો.

પછી તો પંડિતજીએ પૂરા પૈસા ચૂકવી દીધા, ને તેને યુક્તિથી સમજાવ્યું કે ભાઈ, ઈશ્વર મને કે તને કાંઈ આપતા નથી. ઈશ્વર તો પૂર્ણ દશાને પામેલા પરમાત્મા છે, તેઓ પૂજા વડે પ્રસન્ન થઈને કાંઈ આપતા નથી, તેમજ નિંદા કરનારને તેઓ કોઈ શિક્ષા કરતા નથી. અને આપણે પણ ભગવાન પાસેથી કાંઈ લેવા માટે તેમની પૂજા નથી કરતા. આપણે તો ભગવાનના ગુણો પ્રત્યેનું બહુમાન પૂજા દ્વારા વ્યક્ત કરીએ છીએ. તેમાં આપણા પરિણામની જેટલી વિશુદ્ધિ થાય છે તેટલો આપણને લાભ છે.

## સોનગઢ સમાચાર... ( મુખપૃષ્ઠના બીજા પાનેથી ચાલુ )

✿ ફાગણ વદ બીજ ( મંગળવાર તા. ૨૦મી માર્ચ ) ના રોજ પૂ. ગુરુદેવ સોનગઢથી મુંબઈ ( ઘાટકોપર–સર્વોદય ઈસ્પિતાલમાં બંધાયેલા આદિનાથપ્રભુના જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ) પધારશે. ત્યાંથી બેંગ્લોરમાં જિનમંદિર તથા સમવસરણ–મંદિરના શિલાન્યાસ નિમિત્તે ( તા. ૨૩–૨૪ માર્ચ ) ગુરુદેવ બેંગ્લોર પધારશે. બેંગ્લોરથી પુનઃ મુંબઈ પધારશે–ત્યાં રવિવાર તા. ૨૫ના રોજ બંને વખત પ્રવચનો થશે; ને તા. ૨૬ સોમવારે ગુરુદેવ ભાવનગર થઈને પુનઃ સોનગઢ પધારશે. મુંબઈના કાર્યક્રમ દરમિયાન જિનમંદિરોના દર્શન ઉપરાંત ગુરુવારે બોરીવલી–સ્થિત 'ત્રિમૂર્તિ' ભગવંતોના દર્શને પણ પધારશે.

✿ આ વખતે દેશમાં દુષ્કાળની મુશ્કેલ પરિસ્થિતિ વર્તતી હોવાથી, સોનગઢમાં ધાર્મિકશિક્ષણ વર્ગો ચાલશે નહીં. જોકે સોનગઢમાં પાણીની મુશ્કેલી નથી, તેમજ સમિતિની ભોજનશાળા વ્યવસ્થિત ચાલુ છે; પણ શિક્ષણવર્ગો ચલાવવા યોગ્ય પરિસ્થિતિ નથી. સોનગઢમાં ગાયોના ઘાસચારા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, તે માટેનું એક ખાસ જુદું ફંડ પણ ચાલે છે.

✿ આત્મધર્મના પ્રચારમાં જિજ્ઞાસુજીવો ખૂબ ઉત્સાહથી રસ ધરાવે છે, ને ગ્રાહક સંખ્યા હિંદી–ગુજરાતી મળીને છ હજાર સુધી પહોંચી ગઈ છે. તેમાં ૧૨૦ જેટલા અંકો તો પરદેશોમાં જાય છે. આપ પણ આપના સ્નેહીજનોને ભારતના ઉત્તમ અધ્યાત્મસંસ્કારનો સ્વાદ ચખાડવા આત્મધર્મ જરૂર મોકલો. માત્ર દશ રૂા. માં આખા વર્ષ સુધી ભારતદેશના ઊંચા અધ્યાત્મ–સંસ્કારોથી તે પરદેશમાં ભારતનું ગૌરવ વધારશે. અરે, આત્મધર્મ ઘરના ટેબલ ઉપર અમસ્તુ પડયું હશે તોપણ તેને દેખી–દેખીને ભારતના ઉચ્ચસંસ્કારો તેને યાદ આવશે. પરદેશમાં લવાજમ વાર્ષિક દશ રૂપિયા છે; ભારતમાં ચાર રૂપિયા છે.




ધ્રાંગધ્રાના સવિતાબેન ( તેઓ વકીલ કેશવલાલ ડામરભાઈ શાહના ધર્મપત્ની, ઉ વર્ષ ૫૫ ) તા. ૫–૩–૭૩ના રોજ મુંબઈ મુકામે તેમના ભત્રીજા રજનીકાન્તને ઘેર સ્વર્ગવાસ પામ્યા છે. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

નાઈરોબીના ભાઈશ્રી ચંદ્રકાન્તભાઈની બેબી માલાબેન, માત્ર સવાછ માસની વયે તા. ૧૯–૨–૭૩ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પુણ્યવંત ઘરે જૈનકુળમાં આવીને પણ આયુષ્યની આવી અલ્પતા દેખીને, જિજ્ઞાસુજીવોએ આયુષ્યનો ભરોસો છોડીને ચૈતન્યનું કામ તત્કાળ કરવા જેવું છે.

જેના સેવનથી ભવનો પાર પમાય ને મોક્ષસુખ મળે

# એવા જૈનમાર્ગનો પરમ મહિમા

જૈન સંપ્રદાયમાં આવીને પણ જેઓ અનેકવિધ વિષયકષાયના પોષક કુમાર્ગને સેવી રહ્યા છે એવા જીવો પ્રત્યે અત્યંત કરુણાથી, જૈનમાર્ગના પરમ મહિમાપૂર્વક ગુરુદેવ કહે છે કે–

અરે જીવ! તું મનુષ્ય થઈને જૈનસંપ્રદાયમાં આવ્યો, પંચપરમેષ્ઠી ભગવાન તને નિમિત્ત તરીકે મળ્યા, એમની રત્ન જેવી વાણી તને મળી, –અને હજી તું બીજે જ્યાં–ત્યાં કુમાર્ગમાં ભટક! –એ તો શરમ છે... કલંક છે. ઇન્દ્રો જેને ભક્તિથી પૂજે એવા ભગવાન તને નિમિત્તપણે મળ્યા અને હજી તું બીજા અજૈન રસ્તે જા–એ તે કાંઈ શોભે છે!

બાપુ! અરિહંત અને સિદ્ધ જેવા પરમાત્મા દેવ, અને આચાર્ય–ઉપાધ્યાય–સાધુ જેવા વીતરાગીગુરુઓ, ને તેમની અલૌકિક વાણી, –આવો મહાન યોગ મળવો બહુ મોંઘો છે. અરે, આવી ઉત્તમ વસ્તુ તને મળી, જૈનધર્મ તને મળ્યો, – તેમણે મહાન ચૈતન્યનિધાન તને તારામાં બતાવ્યા, –તો હવે બીજે ભટકવાનું છોડ....ને અંદર તારા ચૈતન્યનિધાનને દેખ. અરે, પંચપરમેષ્ઠી ભગવંતોનો કેટલો મહિમા છે! એને તો ઓળખ... તોય તને કુમાર્ગમાંથી પ્રેમ છૂટી જશે. આ જગતમાં જૈનમાર્ગ સિવાય સજ્જનોને બીજું કોઈ શરણ નથી.

અરે જીવ! જૈનમાર્ગ પામીને તને એમ મહિમા આવવો જોઈએ કે અહા! આવો સુંદર જૈનમાર્ગ, ગુરુપ્રતાપે આ કળિકાળમાં મહાભાગ્યે મને મળ્યો–કે જેના સેવનથી મારા ભવદુઃખનો અંત આવે ને મને મોક્ષનું મહાન સુખ મળે. તો હવે જગત આખાને એકકોર મુકીને, આવો પરમહિતકર જૈનમાર્ગ, અને વીતરાગી પંચપરમેષ્ઠી ભગવંતોને બરાબર ઓળખીને, તેનો અત્યંત મહિમા લાવીને, તેમણે બતાવેલા મારા આત્મસ્વરૂપને ઓળખીને, આ અવસરમાં આત્મહિતને સાધી જ લઉં.

**અહો ધન્ય છે આ જગતમાં પંચપરમેષ્ઠી ભગવંતો, અને તેમણે બતાવેલો જૈનધર્મ,... કે જેના પ્રતાપે આ જીવ અપૂર્વ હિત પામ્યો.**

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) : ફાગણ (૩૫૩)